# સ્વભૂમિ કેન્દ્ર : મહિલા અને જમીન માલિકી અને મહિલા કિસાન માર્ગદર્શન કેન્દ્ર– અભ્યાસ










અભ્યાસ કરનાર : કીર્તિદા વોરા

વર્ષ : ૨૦૧૪–૧૫

# સ્વભૂમિ : મહિલા અને જમીન માલિકી અને મહિલા કિસાન માર્ગદર્શન કેન્દ્ર

## અનુક્રમણિકા

પ્રસ્તાવના

અ. સ્વભૂમિ : મહિલા અને જમીન માલિકી અને મહિલા માર્ગદર્શન કેન્દ્રની ભૂમિકા

૧ મહિલા અને જમીન માલિકી માટે તથા મહિલાઓની ઉત્પાદક સંસાધનો સુધી પહોંચ વધારવામાં સ્વભૂમિ કેન્દ્રની ભૂમિકા

૨. સરકાર દવારા વારસાઈ ઝુંબેશમાં સ્વભૂમિ કેન્દ્રની ભૂમિકા અને રણનીતિ

૩.મહિલા કિસાન ઝુંબેશમાં સ્વભૂમિ કેન્દ્રની ભૂમિકા અને રણનીતિ

બ. સ્વભૂમિ કેન્દ્રની અસરો

ક. ભાવી કામગીરી માટે સૂચનો

ડ. હિમાયતની બાબતો :

## પ્રસ્તાવના :

મહિલાઓ માટે ટકાઉ આજીવિકા, પરીવારની અન્નસુરક્ષા તેમજ કલ્યાણ અને હિતની દ્રષ્ટિએ ખેત જમીનનું વિશેષ મહત્વ છે. મહિલાઓને સંપત્તિમાં સરખા અધિકાર હોય તે માટે કાયદાકીય જોગવાઈઓ તો છે જ. કેટલાંક રાજયોમાં અલગ અલગ રીતે ટેક્ષ માફી, સ્ટેમ્પ ડયુટી ઓછી કરવી, જમીનધારક મહિલાઓને કૃષિ યોજનાનો લાભ આપવો જેવા સરકારના એકશન હતાં. પરંતુ, આના અમલીકરણમાં નહીવત\અસર હતી. ગુજરાત રાજયમાં ૨૦૦૨ની સાલમાં જયારે મહિલા અને જમીન માલિકી કાર્યકારી જૂથે કામ શરૂ કર્યુ ત્યારે એક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસ દરમ્યાન જોવા મળ્યું કે, ગુજરાત રાજયમાં માત્ર ૧૧.૮ ટકા મહિલાઓના નામે જમીન છે એમાંથી પણ ૪૮ ટકા વિધવા મહિલાઓ છે.

ધરાસ્તરે મહિલાઓના જમીન અધિકાર બાબતે કે મહિલાઓના નામે જમીન માલિકી શા માટે હોવી જોઈએ તે બાબતે કોઈ જ માહિતી ન હતી. મહિલાઓના નામે જમીનના અધિકાર હોય તેવા કિસ્સાઓ નહીવત હતા. વિધવા મહિલાઓને જમીન અધિકાર મેળવવામાં સંઘર્ષનો સામનો કરવો પડતો હતો. દિકરીઓને લગ્ન સમયે કરીયાવરરૂપે જે કંાઈ જણસ આપી હોય તે સિવાયની મિલ્કતોમાં તેમનો હકક હોય તે બાબતે તદ્દન અસ્વીકૃતિ જોવા મળતી હતી. આદિવાસી વિસ્તારમાં ઘરજમાઈ રહેતી દિકરીઓને જમીનના અધિકાર મળે છે પરંતુ, માતા પિતા હયાત ના હોય તે પછી તેમનો હકક કાયમ કરવા માટે કુટુંબીજનો તરફથી સંઘર્ષનો સામનો કરવો પડે છે. આવી પરિસ્થિતિમાં કાયદાકીય જાગૃતિ વધારવા, સામાજિક અને વહિવટી સ્તરે મહિલાઓના નામે જમીન (ખેતજમીન) હોય તેની જાગૃતિ વધારવા માટે નેટવર્ક દ્વારા સંમેલનો કરવામાં આવ્યા. આ સંમેલનમાં મહિલાઓ સાથે, મહિલા અને જમીન માલિકીના મુદ્દે\ચર્ચા અને સંવાદો કરવામાં આવ્યા, કાયદાકીય જોગવાઈની માહિતી આપવામાં આવી, મહેસુલ માળખાની ભૂમિકાની માહિતી આપવામાં આવી. પરીણામે, મહિલાઓએ –પોતાના નામે જમીન હોઈ શકે – તે વિચારવાનું શરૂ કર્યુ. કેટલીક વિધવા મહિલાઓ જે જમીન મેળવવા સંઘર્ષ કરી રહી હતી તે મહિલાઓએ સ્થાનીક સંસ્થાઓની મદદ માંગી. મહિલાઓને માર્ગદર્શન અને ટેકો આપવા માટેની જરૂરીઆતની પૂર્તિ માટે નેટવર્ક દ્વારા ૨૦૦૬થી પેરાલિગલ કાર્યકરોને તાલીમ આપવાનું શરૂ કર્યુ. સ્થાનીક રીતે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પ્રેરીત સંગઠનના સભ્યોમાંથી સ્થાનીક સ્તરેથી જ પેરાલિગલ કાર્યકરોને પસંદ કરવા માટેનો મુખ્ય વિચાર એ હતો કે, સ્થાનીક સ્તરેથી પેરાલિગલને તૈયાર કરીએ તો તેઓ સ્થાનીક વિસ્તારની પરંપરા, રીતરિવાજોથી પરીચિત હોય જેથી મહિલાને તેના જમીન અધિકાર પ્રાપ્ત કરાવવા કુટુંબમાં કેવી રીતે વાત કરવી તે તેની આવડત/સૂઝ હોય. પેરાલિગલ કાર્યકરો વિસ્તારમાં મહિલા સંગઠન સાથે જોડાયેલા હોય જેથી કરીને સંગઠનની મહિલાઓ અને પેરાલિગલ અરસ પરસ ટેકારૂપ બને અને આ મુદ્દા પર કામ કરવા માટે સામૂહિક તાકાત / હિંમત મળે. સંગઠનમાંથી જે આ કામ કરવા ઇચ્છુક હોય, સારી રીતે લખી–વાંચી શકતા હોય તેવા પેરાલિગલની પસંદગી વિસ્તારમાં કાર્યરત સંસ્થાઓ અને સંગઠન દ્વારા કરવામાં આવી.

પસંદગી પછી પેરાલિગલ કાર્યકરોને મુદ્દા વિષયક સઘન તાલીમ આપવામાં આવી. પ્રાથમીક તબકકે – શા માટે મહિલા માટે ખેત જમીનનું મહત્વ છે? સામાજિક અવરોધો શું આવે છે.

પેરાલિગલ પોતે મહિલાઓના જમીન અધિકાર માટે શું માને છે ? (તેમના વલણમાં બદલાવ લાવવાના સંબંધમાં), જમીન સંબંધિત કયા દસ્તાવેજો છે તેમાં દર્શાવેલ વિગતો કઈ રીતે મહત્વની છે તેના પર કાર્યકરોની ક્ષમતા વધારવામાં આવી. આ કાર્યકરોએ પ્રાથમીક તાલીમ બાદ ધરાસ્તરે કામ શરૂ કર્યુ. કામ દરમ્યાન સામાજિક, વહિવટી પ્રશ્નો આવતા ગયા તે જરૂરીઆતના અનુસંધાને તેમને તાલીમ આપવામાં આવી. હિંદુ વારસાઈ ધારો, અન્ય કાયદાકીય જોગવાઈઓ, સરકારી મહેસુલી માળખું, માળખામાં દરેક સ્તરે કોની શું ભૂમિકા છે, વારસાઈ કરવાની પ્રક્રિયા અંતર્ગત પેઢીઆંબો, પંચકયાસ(પંચનામું), સોગંદનામું કેવી રીતે કરાવવું, અપીલમાં કેસ લઈ જવાની પ્રક્રિયા જેવા વિષયો પર વખતો વખત તાલીમ આપી તેમને કાયદાકીય અને વહિવટી જોગવાઈઓથી માહિતગાર કરવામાં આવ્યા. એક પેરાલિગલ કાર્યકરને વર્ષ દરમ્યાન ૧૨ થી ૧૫ દિવસ કલાસરૂમ તાલીમ અને ફિલ્ડ સ્તરે પ્રેકટીકલ તાલીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યા. આ રીતે ૨૦૧૩ સુધી નેટવર્ક દ્વારા ૧૦ જિલ્લાના ૧૨ તાલુકામાં કુલ ૬૫ થી ૭૦ પેરાલિગલ કાર્યકરોની ટીમ તૈયાર થઈ.

પેરાલિગલ કાર્યકરો ફિલ્ડ સ્તરે મહિલાઓને પોતાના નામે જમીન કરાવવા, વિધવા મહિલાઓના કુટુંબની વારસાઈ કરાવવામાં મદદરૂપ બન્યા. કેટલાંક કિસ્સાઓમાં મહિલાઓ પોતાના નામે જમીન કરાવવામાં વર્ષોથી સંઘર્ષ કરી રહી હતી તેમને જમીનમાં તેમનો હિસ્સો અપાવવામાં સફળતા મળી. ઘણાં કિસ્સાઓમાં વર્ષોથી વારસાઈ નહતી થઈ તેવા પરીવારોમાં વારસાઈ થવાથી વિધવા મહિલાઓને તેમનો હકક મળ્યો, અમુક કિસ્સાઓમાં હયાતીમાં જ પત્નીને જમીનમાંથી અમુક હિસ્સો ફાળવી મહિલાને જમીન માલિક બનાવી. અમુક કિસ્સાઓમાં પતિ–પત્નીના સંયુકત નામે જમીન કરવામાં આવી. નેટવર્કની સભ્ય સંસ્થાઓ દ્વારા તાલુકા સ્તરે સામૂહિક રીતે, મહિલાઓને જમીનના ૭/૧૨ના દસ્તાવેજ અપાવવા, સમયાંતરે વારસાઈ કેમ્પ દ્વારા ગામમાંથી બાકી વારસાઈઓ માટે ગામમાં જ એકસાથે પ્રક્રિયાઓ કરાવવી, તાલુકા સ્તરે મામલતદાર સંવાદ યોજવા અને લાંબા સમયથી પેન્ડિંગ કેસોના ઉકેલ માટે પ્રયાસ કરવો જેવી પ્રવૃતિઓનું આયોજન થઈ રહયું હતું.

આમ, તાલીમ અને પ્રેકટીકલ કામ કરવાના કારણે પેરાલિગલ કાર્યકરની આ મુદ્દેકામ કરવાની કુશળતા વધી તાલુકા સ્તરે મહેસુલ વિભાગમાં પેરાલિગલ કાર્યકરોની ઓળખ વધી. આ સમય દરમ્યાન સામાજિક સુરક્ષા યોજનાઓ, આરોગ્યલક્ષી યોજનાઓ સુધીની પહોંચ વધારવા માટે તાલુકા સ્તરે ટેકો મળી રહે, વધારે મહિલાઓ સુધી પહોંચી શકાય તે માટે અમુક સંસ્થાઓએ માહિતી કેન્દ્રો/ નાગરીક અધિકાર કેન્દ્ર શરૂ કર્યા અને મહિલા અને જમીન માલિકીના મુદ્દાનું આ કેન્દ્ર સાથે જોડાણ કર્યુ.

૨૦૧૩માં નેટવર્ક દ્વારા મહિલા અને જમીન માલિકીના મુદ્દાને વેગ મળે, વધુ લોકો અને ખાસ કરીને મહિલાઓ સુધી પહોંચી શકાય તેમજ મહિલાઓને માર્ગદર્શન અને ટેકો આપવા માટે એક નિશ્ચિત માળખું હોવું જોઈએ એ બાબતે વિચારણા કરી. જાન્યુઆરી ૨૦૧૪થી તાલુકા સ્તરે કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા જેને **સ્વભૂમિ : મહિલા અને જમીન માલિકી તેમજ મહિલા અને કિસાન માર્ગદર્શન કેન્દ્ર** નામ આપવામાં આવ્યું.

# સ્વભૂમિ : મહિલા અને જમીન માલિકી તેમજ મહિલા અને કિસાન માર્ગદર્શન કેન્દ્ર

વર્તમાનમાં ગુજરાત રાજયના ૧૨ જિલ્લાના ૧૫ તાલુકાઓમાં સ્વભૂમિ કેન્દ્ર ચાલે છે. દરેક સ્વભૂમિ કેન્દ્ર પર ર (બે) તાલીમ પામેલા પેરાલિગલ કાર્યકરો આ કેન્દ્ર પર થી મહિલા અને જમીન માલિકી તેમજ મહિલાઓની કિસાન તરીકે ઓળખ થાય તે માટે કાર્ય કરે છે જેમનું સંકલન એ વિસ્તારમાં કાર્યરત નેટવર્કની સાથી સંસ્થાઓના અનુભવી સિનિઅર કાર્યકર(પોઈન્ટ પર્સન) દ્વારા થાય છે. આ કેન્દ્ર તાલુકા સ્તરે તાલુકા પંચાયત, મામલતદાર ઓફિસમાં કે તેના પ્રાંગણમાં ચાલે તે માટેના પ્રયાસો રહયા છે. સપ્તાહના બે દિવસ સ્વભૂમિ કેન્દ્ર પર અને બે દિવસ ફિલ્ડ માં એમ કુલ ૧૬ દિવસ મહિલા અને જમીન માલિકીના મુદે\કામકરે છે. સ્વભૂમિ કેન્દ્રને એક વર્ષ પુરૂ થયું છે ત્યારે,

કેન્દ્ર પરથી થયેલી પ્રવૃત્તિઓની અસરકારકતા જાણવા, હેતુસિધ્ધિ અર્થે કયાં પહોંચ્યા છીએ તેનો કયાસ કાઢવા માટે આ દસ્તાવેજીકરણ કર્યુ છે.

સ્વભૂમિ કેન્દ્રની લોકો ખાસ કરીને, મહિલાઓને જાણ થાય, તમામ કેન્દ્રો પરથી એક સરખી પ્રવૃત્તિ થાય તો તેની બહોળા પ્રમાણમાં અસર થાય તે હેતુથી કેન્દ્રની શરૂઆત પહેલાં –

૧. પ્રચાર–પ્રસાર અને અભ્યાસ,

૨. ગામમાં વારસાઈ ઝુંબેશ

(આ અંગેની બાબતો એનેક્ષર ૧ માં અપેલી છે. )

<u>સ્વભૂમિ પરથી મહિલાઓને સરકારના માળખાઓ સુધી પહોંચાડવા અને યોજનાઓ સુધી પહોંચ વધારવાના આશયથી નીચે મુજબની પ્રવૃત્તિઓ તમામ કેન્દ્રો પર સામૂહિક રીતે કરવાનું આયોજન કરવામાં આવ્યું.</u>

૩. સરકારી વારસાઈ ઝુંબેશ દરમ્યાન, પ્રચાર, ટેકો અને માર્ગદર્શન આપવું,

૪. મહિલા ખેડૂત ઝુંબેશ કરવી.

## ૨. મહિલાઓની જમીન અધિકાર અને ઉત્પાદક સંસાધનો સુધી પહોંચ વધારવામાં સ્વભૂમિ કેન્દ્રની ભૂમિકા

**૧.**

ધ્રાગંધ્રા તાલુકામાં ...........રતનબહેન ના પતિ હાજીભાઈ સિપાઈ વડિલોપાર્જિત જમીનમાં સંયુકત રીતે ભાગદાર હતાં. ૭૫ વર્ષની ઉંમરના રતનબહેન બિમાર રહે છે. તેમની સાથે તેમની અપરણિત દિકરી રહે છે. હાજીભાઈના મૃત્યુ પછી તેમના જમીનની વારસાઈ કયાં કરાવવી તેની ચિંતા કરતા હતા. સરકારની વારસાઈ ઝુંબેશ દરમ્યાન સ્વભૂમિ કેન્દ્ર પરથી આ મહિલાના ઘરની મુલાકાત લીધી અને રતન બહેનના દિકરીની સાથે જઈને કુટુંબીજનોને વારસાઈની વાત કરી. તલાટીને મળીને પેઢીઆંબો તૈયાર કર્યો. દિકરી સાથે જઈને ઈ–ધારામાં કાચી નોંધ પાડી. હવે ૧૩૫ ડીની નોટિસ નીકળી ત્યારે રતનબહેનના દિયરે સહી ના કરી. ફરીવાર પેરાલિગલ કાર્યકરે તેમના દિયરને ઘરે જઈને સમજાવ્યા તે પછી તેમણે સહી કરી. આજે પણ ખેતીનું તમામ કામ રતનબહેનની દિકરી જ સંભાળે છે.

**રતનબહેને કહયું," તમે બહેનોને આવી રીતે મદદ કરો છો તે સારૂં છે આથી બહેનોનો સમય અને ખર્ચ બચે છે. મારી દિકરીનું નામ દાખલ થયું તે મને ગમ્યું".**

**૨.**

મોરબી જિલ્લાના માળિયા તાલુકાના કુંતાસી ગામમાં શાંતીબહેન નારણભાઈ ખાંડકા માળિયા મહિલા શકિત સંગઠનમાં જોડાયેલા છે. શાંતી બહેનને ૪ બહેન અને એક ભાઈ. ૯૦ વીઘા જમીનવાળા પરીવારની જમીનની વારસાઈ કરવાનો સમય આવ્યો ત્યારે ભાઈએ બધાં બહેનને ૧ એક લાખ રૂા. આપી દેવાની વાત કરી. શાંતીબહેન સંગઠનમાં જોડાયેલા હતાં તેથી તેઓ તેમના હકક વિશે જાગૃત હતા તેમણે ના પાડી. શાંતીબહેને સંગઠનની મીટીગમાં વાત કરી. સંગઠનમાંથી બહેનોની સાથે પેરાલિગલ કાર્યકરો ગામમાં મીટીગમાં ગયા અને જમીનના હકકની વાત કરી. દિકરીઓ તરીકે જમીનમાં હકકની કાયદાકીય જોગવાઈની વાત કરી. ગામના આગેવાનને વાત કરી અને એમને સાથે રાખીને શાંતીબહેનના ભાઈના ઘરે ગયા અને તેમને સમજાવ્યા. આ પછી તેઓ વારસાઈ કરાવવા તૈયાર થયા. શાંતીબહેનનો દિકરી તરીકે હકક દાખલ થઈ ગયો છે.

**આ કિસ્સો પેરાલિગલની સૂઝ દર્શાવે છે. જમીનમાં હકક આપવા જેવા સંવેદનશીલ મુદ્દા કે જયાં કાયદાકીય સ્વીકૃતિ છે પણ સામાજિક સ્વીકૃતિ નથી ત્યાં પહેલાં આ બાબતે જાહેરમાં વાત કરી જેથી શાંતીબહેનને ટેકો મળે. આ પછી તેમના ભાઈને સમજાવવા માટે ગામના જ આગેવાનોને સાથે રાખ્યા જેથી શાંતીબહેનને પાછળથી કોઈ વાંધો ના આવે અને જો ગામના આગેવાનોની સ્વીકૃતિ મળે પછી ગામના લોકોની પણ સ્વીકૃતિ વધે. આ કિસ્સામાં પેરાલિગલની સૂઝ અને તેમની આગવી રણનીતિ જોવા મળે છે.**

૩.

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ઉંદરગઢા – સીતાબેહન ઠાકોરના સસરાના નામે જમીન હતી. પતિનું મૃત્યુ થયાં પછી વારસાઈ ન હતી કરાવી. બહેનને વિધવા વારસાઈ કરાવવા સમજાવ્યા. પ્રક્રિયા સમજાવી. બહેને કહયું ,અમને ચારેય ભાઈને એક એક કટકો વાવવા આપ્યો છે. વારસાઈ કરાવવાની તૈયારી કરી ત્યારે સાસુએ કહયું ,"વારસાઈ કરો પણ દિકરીનું નામ ના નંખાવશો". સીતાબેહનનો દિકરો મોટો છે તે થોડું ભણેલો છે એણે કહયું," અમે બે ભાઈ, મા અને બહેન ચારેયના નામ આવવા જોઈએ". સીતાબહેનની ઈચ્છા ન હતી તેમને પણ સમજાવ્યા. અંતે, સીતાબહેનના નામે વારસાઈ કરાવી અને દિકરીનું નામ પણ દાખલ કરાવ્યું.

**સીતાબહેન : "તમે આટલું માર્ગદર્શન આપ્યું તો અમારી વારસાઈ થઈ ગઈ. નહીં તો અમને વારસાઈ એટલે શું ? તે ખબર જ નહતી".**

વારસાઈ થઈ ગઈ પછી સીતા બહેનના દિયરે ગામમાં જતાં ફિલ્ડવર્કરને કહયું, "તે શા માટે દિકરીનું નામ નંખાવ્યું ? એ નામ કયાં નાંખવાનું હતું ?" પેરાલિગલ. જવાબ આપ્યો, "કાયદા પ્રમાણે મેં કર્યુ છે તમે કહો કે ના કહો કરવું જ પડે. આજે નહીં તો કાલે કરવાનું તો હતું જ ને ? "

૪.

માળિયા તાલુકાના ખિરઈ ગામમાં રહેતા મરીયમ બહેન લઘાણીના બીજા લગ્ન છે. વારસાઈમાં પ્રથમ પત્નીનું નામ હતું . બીજી પત્નીનું નામ ન હતું. ઈ–ધરામાં ૭/૧૨ કઢાવવા ગયા. નોંધ બહુ જૂની હતી તેથી કોમ્પ્યુટરાઈઝ થઈ ન હતી. સીટી તલાટીને મળવા ૪ થી ૫ વખત ગયા મળ્યા નહી. અંતે, મામલતદારને મળ્યા અને રજૂઆત કરી. મામલતદારે તલાટીને ફોન કરી નોંધ કાઢી આપવા કહયું. તલાટીએ નોંધ કાઢી આપી.સંગઠનના બહેનોએ આ બહેન માટે વારસાઈની અરજી કરી, આનંદી સંસ્થાના કાર્યકર અકબર અને ખિરઈ ગામના આગેવાન ભાઈ એ પેઢી આંબો તૈયાર કર્યો. ૭/૧૨ જોડયા અને પ્રકરણ મામલતદારમાં આપ્યું .મરીયમબહેને બીજી વખત લગ્ન કર્યા હતા તે માટે નિકાહનામું પુરાવા તરીકે માંગ્યું. સંગઠનના બહેનો તેમના પિયર ગયા અને નિકાહનામું માંગ્યું. નિકાહનામું ત્યાં મળયું નહીં એટલે, લગ્ન કરાવનાર મૌલવી પાસે ગયા ત્યાંથી ડુપ્લીકેટ કઢાવ્યું અને રજૂ કર્યુ, સોગુદનામું કર્યુ ૩ મુદત પડી અને પછી કાચી નોંધ પડી. હવે પાકી નોંધ કરતા પહેલાં ૧૩૫ ડીનો નોટિસ મોકલી તો ત્યાં મરીયમ બહેનના હાથમાં તે આવ્યું જ નહી. મામલતદારમાં તપાસ કરી તો ખબર પડી કે નોટિસ મોકલાઈ છે પણ મળી ન હતી. એ પછી પોસ્ટમેનને મળ્યા તેમણે કહયું તે મુજબ નોટિસ પાડોશીને આપી હતી, પાડોશીને મળી નોટિસ મેળવી.

**મહિલાઓને જમીન અધિકાર મળે તે માટે સ્વભૂમિ કેન્દ્ર પરથી ગામસ્તરે જાગૃતિ વધારવી,જમીનના અધિકાર મેળવવા ઈચ્છતી મહિલાઓને ટેકો આપવો, પંચાયત સ્તરે, કુટુંબ સ્તરે સંવાદો કરવા, કાનુની જોગવાઈઓની માહિતી આપવી થી તાલુકા સ્તરે, પ્રાંત**

**ઓફિસ સુધી વિવિધ ભૂમિકાઓ રહી છે. કોઈ કિસ્સાઓ કે જેમાં મહિલાના મિલ્કત અધિકાર માટે કાનુની ( જયુડીશ્યલ પ્રક્રિયાની જરૂર પડે તેવા સંજોગોમાં પણ સ્વભૂમિ કેન્દ્રની ભૂમિકા મહિલાને કોર્ટ કાર્યવાહીમાં ટેકો પાડવાની રહી છે.)**

**ગામ સ્તરે :**

**અરજદાર સાથે :** વારસાઈ ઝુંબેશ(છ તબકકામાં કરેલી પ્રક્રિયાઓ) દરમ્યાન જે કિસ્સાઓ ઓળખ્યા હતા તેનું ફોલોઅપ કરીને જે મહિલાઓ કે કુટુંબો વારસાઈ કરવામાં તૈયાર થયા તેમની વારસાઈની પ્રક્રિયામાં જોડાયા.

સ્વભૂમિ કેન્દ્ર પર આવતા અરજદારોને ધ્યાનથી સાંભળવા, ખાસ કરીને મહિલા શું કહે છે, તે શું કરવા ઈચ્છે છે તે સાંભળવું, તેની સમસ્યા શું કરી શકાય તે માટે માહિતી આપવી. તેના કામ માટે શું કરવું જોઈએ, કયા દસ્તાવેજો જોઈશે, કયાં મળશે તેની માહિતી આપવી અને જરૂર પડે તો તેને તે મેળવવામાં મદદ કરવી તેમજ જયાં જરૂર પડે ત્યાં પેરાલિગલ કાર્યકરો કુટુંબના સભ્યોને સમજાવવા, કુટુંબના સભ્યો કે અરજદાર સાથે ઇ–ધરા કેન્દ્ર પર જવું અને વારસાઈની પ્રક્રિયામાં મદદ કરવી , જરૂરીઆતના સમયમાં કુટુંબીજનોને સમજાવવા અને કાયદાના અમલીકરણમાં ટેકો આપવા જણાવવું તેમજ ગામમાં જઈને કુટુંબીજનો સાથે સંવાદ કરવાની ભૂમિકાઓ ભજવી છે.

ગામમાં મહિલાઓની વારસાઈના કિસ્સામાં તમામ પ્રક્રિયાઓમાં ટેકો કરીને ઇ–ધારામાં સોંપવું અને તેનું ફોલોઅપ કરવું તે જવાબદારી રહી છે.

**પંચાયત માળખું :** ગામ સ્તરે જઈને સરપંચ, પંચાયતના સભ્યોનો સહકાર મેળવવો. ગામમાં ફળિયા પ્રમાણે મીટીંગ કરી વારસાઈ દરમ્યાન વિધવા મહિલા અને દિકરીના હકક અંગેની માહિતી આપીને જાગૃતિ ફેલાવી. કયાંક ગામના કે જ્ઞાતિના આગેવાનો સાથે સંઘર્ષના કિસ્સામાં અરજદાર સાથે રહેવાના પ્રસંગો પણ બન્યા.

**તલાટીશ્રીઓ સાથે :** તલાટીશ્રીની સાથે મુલાકાત કરવી એક એક અરજદારના સ્તરે શું કરી શકાય તે માટે તેમની સાથે સંવાદો કરવા, જો કોઈ કેસમાં મહિલાના કુટુંબીજનો ટેકો ના આપે, મૃત્યુનોંધ ના હોય તેવા કિસ્સામાં તલાટીશ્રીની મદદ મેળવી, મહિલાઓ અને તલાટી વચ્ચે સેતુરૂપ ભૂમિકા રહી છે.

**તાલુકા સ્તરે :**

**ઇ–ધરા કેન્દ્ર :** પેરાલિગલ કાર્યકરો કોઈ અરજદારને જમીન વિશેની માહિતી મેળવવાની હોય, તેના હકક મેળવવા ૭/૧૨ના દસ્તાવેજની નકલ મેળવવી, કોઈ કેસમાં જમીનના હકકદારનું નામ કમી થઈ ગયું હોય કે, ખોટી રીતે શરતચૂકથી નામ રહી ગયું હોય તેવા કિસ્સામાં હકક પત્રક ૬ મેળવવા , વારસાઈના પ્રકરણ નોંધાવવા, કેન્દ્ર પરથી ટેકો થયો હોય તેવા અરજદારની વારસાઈની કાચીનોંધમાંથી પાકીનોંધ થઈ કે કેમ તેની તપાસ કરવી.

**મહેસુલ વિભાગ :** સ્વભૂમિ કેન્દ્ર શરૂ કરવા માટે કચેરીમાં જગ્યા ફાળવવા, મામલતદારશ્રી સાથે તકરારી કિસ્સામાં માર્ગદર્શન મેળવવા, સરકારી વારસાઈ ઝુંબેશ દરમ્યાન તેમની સાથે મીટીંગ કરવા તેમજ સ્વભૂમિ કેન્દ્ર અને સરકારના વિભાગ સાથે હકરાત્મક સંબંધો વિકસાવવાની પડકારજનક ભૂમિકા ભજવી છે.

**પ્રાંત અધિકારી :** મામલતદાર સ્તરેથી જે કિસ્સા આગળ જાય તેવા તકરારી કેસમાં મહિલા અરજદાર સાથે હાજર રહેવું, મહિલાના હિતમાં સત્ય હકીકતો, પુરાવા રજૂ કરવાની મુખ્ય ભૂમિકાઓ ભજવી છે.

**કૃષિ વિભાગ :**

સાથે સાથે જે મહિલાઓ જમીનધારક જ હતા, જેઓ વારસાઈથી જમીનમાં ભાગીદાર બન્યા તેઓને કૃષિ સંબંધિત કઈ કઈ યોજનાઓનો લાભ મળી શકે તે માટે કૃષિ તાલીમ કેન્દ્ર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખેતીવાડી વિભાગ, બાગાયતી વિભાગની મુલાકાત કરીને યોજનાઓની માહિતી મેળવી. આત્મા પ્રોજેકટમાં ખેડૂત મહિલાઓને જોડવા માટે તાલુકા ઓફિસર સાથે મુલાકાત કરવામાં આવી. જયાં સખી મંડળોમાં ખેડૂત મહિલાઓ હતી ત્યાં મિશન મંગલમ કાર્યક્રમ અને આત્મા કાર્યક્રમ સાથે ખેડૂત મહિલાઓને જોડવાની કામગીરી કરી છે.

જે મહિલાઓ સ્વભૂમિ કેન્દ્ર પર આવે છે તે મહિલાઓ જો એકલ ( વિધવા , ત્યકતા) હોય તો , આ મહિલાઓને સામાજિક સુરક્ષા યોજનાઓ સુધીની પહોંચ વધે તે માટે સ્વભૂમિ કેન્દ્ર પરથી આજીવિકાના પૂરક ટેકારૂપે તેમને માર્ગદર્શન આપવું તે પણ કેન્દ્રનો ગૌણ હેતુ છે. આ હેતુસિધ્ધિ અર્થે અરજદારને તે યોજનાઓ સુધી પહોંચવામાં મદદરૂપ થવાની પેરાલિગલની ભૂમિકા રહી છે.

## ૨. સરકારી વારસાઈ ઝુંબેશ :

### સ્વભૂમિ કેન્દ્રની ભૂમિકા અને રણનીતિ

સરકારે જુન ૨૦૧૫થી ત્રણ માસ દરમ્યાન " ગતિશીલ ગુજરાત" અંતર્ગત સરકારી વારસાઈ ઝુંબેશ જાહેર કરી જેમાં , "બાકી વારસાઈ ઓળખવી, પ્રક્રિયાઓ કરવા અને કાચીનોંધ પાડવા માટે ૬૦ દિવસ અને ૯૦ દિવસમાં પાકી નોંધ પાડવી." આમ, તમામ બાકી વારસાઈની પ્રક્રિયા પૂરી કરવા સંબંધિત માળખાઓને આદેશ આપવામાં આવ્યો.

**મહિલા અને જમીન માલિકી નેટવર્કના સેક્રેટેરીએટે રાજય સ્તરેથી આ આદેશ મેળવીને તમામ સભ્ય સંસ્થાઓને આ તક ઝડપી લેવા અનુરોધ કર્યો. પ્રચાર–પ્રસાર માટે પત્રિકા બનાવી અને સ્વભૂમિ કેન્દ્ર પર મોકલી. તમામ સાથી સંસ્થાઓ સ્વભૂમિ કેન્દ્ર પરથી આ ઝુંબેશમાં જોડાયા અને ગામ અને તાલુકા સ્તરે પ્રક્રિયાઓ શરૂ કરી .**

**ગુજરાત રાજયમાં ૧૨ જિલ્લાના ૧૫ તાલુકામાંથી ૩૦ પેરાલિગલની મદદથી સરકારી વારસાઈ ઝુંબેશ દરમ્યાન ૫૯૦ વિધવા વારસાઈ અને ૧૧૭૭ દિકરીઓના હકક દાખલ થયા તેમજ ૧૭૧૯ કુંટુંબની વારસાઈ માટે સ્વભૂમિ કેન્દ્ર દ્વારા ટેકો અને માર્ગદર્શન આપવામાં આવ્યું.**

**જેમાં નીચે મુજબની ભૂમિકા રહી.**

## ૨.૧ સ્વભૂમિ કેન્દ્ર પરથી પેરાલિગલની ભૂમિકા :

- તાલુકા સ્તરે સરકારશ્રીના પરિપત્રના અમલીકરણ માટે મામલતદાર સાથે મીટીંગ કરી, તલાટીશ્રીઓની મીટીંગમાં જોડાણ કરવા વિનંતી કરી.
  મામલતદારશ્રીએ તલાટીશ્રીઓની મીટીંગ બોલાવી તેમાં સ્વભૂમિના પેરાલિગલને આમંત્રિત કરી તલાટીશ્રી સાથે જોડાણ કર્યુ. આ મીટીંગમાં તલાટીશ્રી પાસેથી ગામ પ્રમાણે મૃત્યુનોંધ મેળવી અને બાકી વારસાઈની યાદી મેળવી.
- સ્વભૂમિ એ જોડેલા પાંચ ગામ અને અન્ય ૧૦ કે તેથી વધુ ગામમાં જઈને

  ફળિયા મીટીંગ કરી, સરકારી વારસાઈ ઝુંબેશની જાણ કરી,પત્રિકા વિતરણ કરી પ્રચાર–પ્રસાર કર્યો. જેમની વારસાઈ બાકી હતી તેવા કંટુંબો

  અને વિધવા મહિલાઓને કયા દસ્તાવેજ જોઈએ, કઈ સરકારી ઓફિસોમાંથી કયા દસ્તાવેજો મળે અને આ માટે કેટલો ખર્ચ થશે તેની માહિતી આપી. સાથે સાથે **પેઢી આંબો બનાવતા સમયે વિધવા મહિલાઓ અને દિકરીઓના નામ વારસાઈમાં ફરજિયાત છે તેના પર ભાર મૂકયો.**

- ગામમાંથી જે કિસ્સાઓમાં વિધવા વારસાઈ બાકી હતી તે કિસ્સામાં પેઢીઆંબો, સોગંદનામું, પંચનામું, તૈયાર કરીને નિયત વારસાઈ ફોર્મમાં અરજી કરીને તલાટીને તૈયાર પ્રકરણ આપ્યા. કાચીનોંધ પડાવી.(લિમખેડા, ઘોઘા, વ્યારા,દેવગઢ બારીયા)
- કેટલીક જગ્યાએ સોગંદનામામાં ગરીબોને વધારે ખર્ચ થતો હોઈ, મામલતદારશ્રીને મળીને નોટરી માટે વ્યવસ્થા કરી.
- કેટલીક જગ્યાએ ૧૩૫ ડીની નોટિસમાં સહી કરાવીને અરજી પરત મામલતદારશ્રીને પહોંચાડવાની ભૂમિકા આ પેરાલિગલ કાર્યકરોએ ભૂમિકા ભજવી ( લિમખેડા, વ્યારા, દેવગઢ બારીયા )
- સ્વભૂમિ કેન્દ્રના ટેકા અને માર્ગદર્શનથી વારસાઈ નોંધ માટે પ્રક્રિયા શરૂ કરી હતી તેની કાચી પાકી નોંધ પડી કે કેમ ? તે ચકાસણી કરી. આ દરમ્યાન ક્ષતિ વાળા કેસોમાં પૂર્તિ કરવા , કુટુંબીજનોને ૧૩૫ ડીની નોટિસમાં સંમતિની સહી કરવા સમજાવવા જેવી ભુમિકા ભજવી.
- કેટલાંક સ્થળે મામલતદાર તરફથી પણ આ ઝુંબેશ દરમ્યાન ટેકો કરવાનું સ્વભૂમિ કેન્દ્રને જણાવવામાં આવ્યું. પેરાલિગલ કાર્યકરે મામલતદારશ્રી દવારા સોંપાયેલ કામગીરી પૂરી કરી. (દેવગઢબારીયા, સાગબારા, વારાહી)

## ૨.૨ ઉપયોગમાં લીધેલી રણનીતિ :

- જે કુટુંબ વારસાઈ કરાવવા તૈયાર ના હોય તેમના ઘરે જઈને કાનુની જોગવાઈ બાબતે સમજ આપવી.
- વર્ષોથી વારસાઈના થઈ હોય ત્યારે કૃષિ યોજનાનો લાભ કે લોન નહીં મળે તેવી વાત કરીને વારસાઈ કરવા જણાવવું.
- વર્ષોથી બાકી વારસાઈ કરાવવા માટે –ઝુંબેશમાં વારસાઈ કરાવશો તો ઝડપી થશે – તેમ કહી પ્રોત્સાહિત કરવા.
- વિધવા મહિલાની વારસાઈ માટે કુટુંબને સમજાવવા સરપંચની સાથે જવું.
- જયારે લોકો વારસાઈ નો ખર્ચ નહી કરી શકે તેમ જણાવે ત્યારે વારસાઈ દરમ્યાન ખર્ચ કયાં કેટલો થશે તેની માહિતી આપી તેમને પ્રોત્સાહન આપવું.
- નોટરીનો ખર્ચ વધારે થાય તેવા સંજોગોમાં તરત મામલતદાર અને પ્રાંત અધિકારીને મળીને રજૂઆત કરવી.
- ગામ સ્તરે એક સાથે વારસાઈના પ્રકરણ તૈયાર કરી તલાટી સાથે સમય લઈ તે ગામમાં જ એકસાથે પ્રક્રિયા કરાવવી
- પંચકેસમાં સહી કરવા માટે આગેવાનોને ગામ પંચાયતે હાજર રાખવા.
- વારસાઈ થાય ત્યારે– જો દિકરી ના નામ હશે તો દિકરી સાસરે જશે અને જમીન નહી હોય તો પોતે જમીન ખરીદી શકશે– એમ જણાવી લોકોને પ્રોત્સાહિત કરવા

# ૩. મહિલા કિસાન ઝુંબેશ :

**મહિલા કિસાન ઝુંબેશના હેતુ :**

- મહિલાઓની"ખેડૂત" તરીકે ઓળખ થાય,
- કૃષિ યોજનાઓની માહિતી મળે
- કૃષિ સંબંધિત યોજનાઓ સાથે જોડાણ થાય,
- જે મહિલાઓએ યોજનાનો લાભ લેવાનો પ્રયાસ કર્યો હોય તેઓના અનુભવ જાણવા માટે – સ્વભૂમિ કેન્દ્ર દ્વારા મહિલા કિસાન ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું.

**આ ઝુંબેશ ૧૨ જિલ્લાના ૧૫ તાલુકાના ૧૦૮ ગામમાં ૨૬૪૫ મહિલાઓ અને ૧૭૧૫ પુરૂષો સાથે કરવામાં આવી.**

## ૩.૧ ઝુંબેશ દરમ્યાન પેરાલિગલની ભૂમિકા , વાપરેલી રણનીતિ

**પેરાલિગલ કાર્યકરની ભૂમિકા :**

### ઝુંબેશ પહેલાં

- ગામમાં ઝુંબેશ માટે પ્રચાર–પ્રસાર કરવો.
- મહિલા ખેડૂત ખાતેદાર–ભાગીદારની પંચાયતમાંથી યાદી મેળવવી
- યાદી મુજબ ખાતેદાર/ભાગીદાર મહિલાને મળીને ઝુંબેશમાં હાજર રહેવા સમજાવવું.
- કૃષિ યોજનાની માહિતી મળે તે માટે સંબંધિત માળખાને આમંત્રિત કરવા.

### ઝુંબેશ દરમ્યાન

- ઝુંબેશ દરમ્યાન તમામ લોકો ખાસ કરીને , પુરૂષોને સાંભળવા અને તેમની માન્યતાઓને બદલવા પ્રયાસ કરવો.
- ઝુંબેશ દરમ્યાન મહિલાઓને પોતાના વિચારો રજૂ કરવા પ્રોત્સાહન આપવું.
- સહભાગીઓ તરફથી રજૂ થતા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવા.
- લોકોને વારસાઈ કરાવવા, વિધવા મહિલા અને દિકરીઓના નામ દાખલ કરવા સમજાવવા
- કૃષિ યોજના મેળવવા પ્રોત્સાહિત કરવા, આઈ. કિસાન રજિસ્ટ્રેશન કરાવવા સમજાવવા.

## ૩.૨ ઉપયોગમાં લીધેલી રણનીતિ

- ઝુંબેશમાં લોકો હાજર રહે તે માટે ગામમાં વિવિધ માળખામાં જઈને મુલાકાત કરવી અને ઝુંબેશમાં જોડાવા વિનંતી કરવી.
- જાહેર જગ્યાઓ પર પત્રિકાઓ લગાવવી
- આંગણવાડી કાર્યકર, આશાવર્કર કે જેઓની મહિલાઓ સાથે ઓળખ છે તેમની મહિલાઓને ઝુંબેશમાં જોડવા માટે મદદ લેવી
- ખેડૂત ખાતેદાર/ ભાગીદાર મહિલાના ઘરે જઈને રૂબરૂ જાણ કરવી.

ઝુંબેશ દરમ્યાન કરવામાં આવેલી પ્રક્રિયાઓની વિગતો એનેક્ષર–૨માં આપેલી છે.

## બ. સ્વભૂમિ કેન્દ્રની અસર

### લખૂડી બુધ્ધા –કૂવા ગામ

તાજેતરમાં દેવગઢ સંગઠને મોડેલ તરીકે આ ગામ અપનાવ્યું છે. જેમાં સર્વાંગી વિકાસનું આયોજન છે. આ ગામમાં પેઢીઓથી વારસાઈ બાકી છે. લખુડી બહેન વિધવા છે તેમના કુટુંબની વારસાઈ થઈ ગઈ હતી. તેમના વહુ પણ વિધવા છે. એક દિકરો અને ૩ બહેનો સંયુકત ખાતામાં હતા. સાસુ ,વહુની વારસાઈ માટે અરજી ઓન લાઈનમાં સેટ થતું ન હતું. પછી જોયું તો, ૪ પેઢીથી વારસાઈ બાકી હતી એટલે ફરીવાર પેઢી આંબો કર્યો. આ ગામના તલાટી સાદરા પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર તાલીમમાં હતા તેથી ઓળખતા હતાં.( નેટવર્ક દવારા તલાટીને તાલીમ મળે છે તે પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર પર નિયમીત રીતે તલાટીના બેઝીક તાલીમ કોર્ષ, રિફ્રેશર કોર્ષમાં જોડાઈને એક દિવસ મહિલા અને જમીન માલિકીના મુદ્દે\તલાટીઓની સંવેદનશીલતા વધારવા તાલીમ આપે

છે. આ સમયે જે–તે વિસ્તારના સ્વભૂમિ કેન્દ્ર પરથી પેરાલિગલ કાર્યકર પણ હાજર રહે છે જે ઓળખ વધારવામાં સહાયરૂપ બની રહયું છે. ) વારસાઈ વખતે વારસદારો બહાર મજુરી કરવા ગયા હતા તેથી પેરાલિગલે ખાતરી આપી કે, આમાં કાંઈ ખોટું નથી. આ ગરીબ મહિલાને બધાંને બોલાવવામાં ખર્ચો થશે તો સોગંદનામા પર પ્રકરણ પર સહી કરો તો સારૂં. તલાટીશ્રીએ પેરાલિગલની વાત માનીને સહી કરી આપી. કુલ ૧૧ વારસદાર સાથે વારસાઈ માટે કાચીનોંધ પડી ગઈ છે.

આ પછી લખુડી બહેને કાચીનોંધની નકલ જોડીને ગ્રામસેવકને અરજી આપી. સબસીડી યોજનાથી મશીન મેળવી લીધું અને આઈ કિસાન તરીકે નોંધણી કરાવી.

ઉપરોક્ત કિસ્સો પેરાલિગલની સમયસૂચકતા અને ગામ સ્તરે, મહિલાઓ સાથે વિશ્વાસપૂર્વકના સંબંધો વિકસાવવાની મહત્વની ભૂમિકાની પુષ્ટિ આપે છે. સાથે સાથે તલાટી તાલીમની અસરકારકતા પણ જોવા મળે છે. તલાટીનું હકારાત્મક વલણ મહિલાની આજીવિકા પર કેટલી અસર કરે છે તેનું જીવંત ઉદાહરણ આ કિસ્સો છે.

**સાગબારા તાલુકામાં નોટરીની વ્યવસ્થા :**

વારસાઈ દરમ્યાન પેઢીઆંબા માટે સોગંદનામું કરવું પડે અને એમાં નોટરી પાસે જઈને નોંધાવવું એવી જોગવાઈ છે પરંતુ, સાગબારા તાલુકામાં એક પણ નોટરી નથી. વારસાઈ ઝુંબેશ દરમ્યાન પેરાલિગલ કાર્યકરોએ બીજા તાલુકાના નોટરીના ફોન નંબર મેળવી લીધા હતા. જયારે વધુ સોગંદનામા ભેગા થાય ત્યારે પેરાલિગલ કાર્યકર તેમને ફોન કરી બોલાવી લે અને બધાની નોટરી એકસાથે કરાવી દે. આથી પેરાલિગલે વારસાઈ ઝુંબેશ માટે સંપર્ક કર્યો. ૧૫૨ કેસમાં નોટરી કરાવાઈ અને ૨૫૦ થી ૫૦૦ ખર્ચ થયો. નામ સુધારા કરવા કે એવા કામ માટે વધારે ૧૦૦ રૂા. લીધા. આ, ૬૦૦ રૂા. જેટલો ખર્ચ થયો. અન્ય જગ્યાએ રૂા. ૧૦૦૦માં એજન્ટ દવારા પ્રકરણ તૈયાર કરવામાં આવ્યા. તે પછી મામલતદારને મળ્યા નોટરીના નંબર આપ્યા. મામલતદારે બધા ગામોમાં જાણ કરી અને ૨૦૦રૂા.માં નોટરી કરાવી.

**સ્વભૂમિ કેન્દ્રની મદદથી એક વર્ષ દરમ્યાન ,**

- **૨૦૫૮ વિધવા વારસાઈ ૧૯૦૫ દિકરીઓએ હકક મેળવ્યો છે. ૩૪૦૧ કુટુંબ વારસાઈમાં મદદરૂપ બન્યા છે.**
- **એક વર્ષમાં ૨૪૦૨ ભાઈઓ અને ૬૦૯૨ મહિલાઓએ સ્વભૂમિ કેન્દ્રની મુલાકાત લીધી છે.**
- **૮૭ કિસ્સામાં પતિએ જમીનમાં પત્નિનું સંયુકત નામ દાખલ કર્યુ છે.**
- **૧૯૬૯ મહિલાઓની કિસાન તરીકે ઓળખ આપતા આઈ. કિસાન નોંધણી કરાવી છે.**

- **૧૨૧૬મહિલાઓને કૃષિયોજનાઓ સાથે જોડાણ કરાવવામાં મદદરૂપ બન્યું છે.**
- **૧૮૦૮ લોકો ખાસ કરીને વિધવા અને વૃધ્ધ મહિલાઓને સામાજિક સુરક્ષા યોજના સુધી પહોંચવામાં, પ્રક્રિયામાં સાથે રહયા છે.**

## ૧.સ્વભૂમિ કેન્દ્ર દ્વારા પ્રચાર–પ્રસારથી મહિલાઓના જમીનના અધિકાર માટે વધેલ જાગૃતિ :

- રામુબહેન –સાંકોડ ગામ : વારસાઈ થઈ અને બહેનોના નામ આવ્યા. હવે આટલું સારૂં થયું બહેનોને ખેતીનો લાભ મળતો હોય તો કહેજો.
- ગૌરીબહેન –સંાકોડ ગામ : જો તમે ના હોવ તો મારૂં નામ જમીન મંા આવત જ નહીં. હું હવે દિકરા–દિકરીના નામ લખાવીશ.
- સીતાબહેન : તમે આટલું માર્ગદર્શન આપ્યું તો અમારી વારસાઈ થઈ ગઈ નહીં તો ,અમને વારસાઈ એટલે શું ? તે ખબર જ નહતી.
- તડવી ગામ –જોખલીબહેન પુનીયા : કોઈ અમને જાણકારી આપતું ન હતું. આટલું કામ થયું જો તમે ના આવત તો કાંઈ થાત નહીં. ૭/૧૨માં નામ આવ્યું અને દિકરાનું નામ આવ્યું.
- કાલીયાવડ – પાસુંડીબહેન : બહેન પંાચ વર્ષથી મારા ઘરવાળા મૃત્યુ પામ્યા છે અમને કંાઈ ખબર ન હતી. તમે આવ્યા તો મારૂં અને મારા છોકરાનું નામ આવ્યું. તમારૂં પણ સારૂં થાજો.
- છાયાગામ– સવુબહેન અરજણભાઈ : તમે જો ના હોત તો અમારી વરસાઈ ના થાત
- ખોખરા – પમુબહેન : અમારા ગામમંા તમે આવવા મંાડયા તો જાણકારી આવી. ખબર પડવા મંાડી અને વારસાઈ થઈ.
- છાયા ગામ – ધરમશીભાઈ : તકરારી કેસની માહિતી અને સમજમંા વધારોથયો
- ખોખરા : કુંવરબહેન સરપંચ : બહેનોના નામે જમીન તો હોવી જોઈએ.

**સ્વભૂમિ કેન્દ્ર પરથી મહિલાઓના જમીન અધિકાર માટે જે પ્રવૃત્તિઓ કરવામાં આવી તેના કારણે મહિલાઓ જ નહીં પણ પુરૂષો અને પરીવારમાં જાગૃતિ વધી છે. વર્ષોથી બાકી રહેલી વારસાઈઓ કરાવવા પરીવારના લોકોએ સ્વભૂમિ કેન્દ્રની મદદ અને માર્ગદર્શન મેળવ્યું છે.**

## ૨. વિધવા મહિલાઓના હકક દાખલ થયા

- પોતાના નામે જમીન થવાથી બહેનોને અહેસાસ થયો કે – અમારા નામે કંાઈક તો છે ?
- વિધવા મહિલાઓને તલાટીને મળવાના ધકકા ઓછા થયા.
- શંાતાબહેન સોલંકી : અમને સરકારમંાથી વારસાઈ કરાવવાનો પત્ર આવ્યો હતો .પણ કયંા જવું ખબર પડતી ન હતી. પત્ર મૂકી રાખ્યો હતો. તમે ઘરે આવ્યા તો અમને માહિતી મળી અને વારસાઈ ઝડપથી થઈ જશે. હું નાની વિધવા એટલે બોલી શકતી ન હતી.

**વિધવા મહિલાઓ કે જેમને પોતાના જમીન અધિકાર અંગે માહિતી ન હતી તેમને માહિતી મળી, જેમને વારસાઈ કરાવવાની પ્રક્રિયા અંગેની જાણ ન હતી તેમને માર્ગદર્શન મળ્યું અને જેઓને વિધવા વારસાઈ કરાવવા માટે દસ્તાવેજ મળતા ન હતા તેઓને દસ્તાવેજ મેળવવામાં સ્વભૂમિ કેન્દ્ર**

**મદદરૂપ બન્યું છે તેના કારણે વર્ષોથી બાકી રહેલી વારસાઈ તો થઈ જ છે પરંતુ, વિધવા મહિલાઓના હકક દાખલ થયા છે.**

## ૩. દિકરીઓના હકક દાખલ થયા.

**એક વર્ષ દરમ્યાન સ્વભૂમિ કેન્દ્રની દરમ્યાનગીરીથી ૧૯૦૫ દિકરીઓએ હકક મેળવ્યો છે.**

દિકરીઓને પિતૃક સંપત્તિમાં કાયદા દ્વારા હકક મળ્યા છે પરંતુ સામાજિક રીતે દિકરીઓને જમીન અધિકાર આપવા બાબતે અસ્વીકૃતિ જોવા મળે છે આના કારણે ,

૧. વારસાઈ દરમ્યાન દિકરીઓના નામ દાખલ કરવાની ઉદાસિનતા હોય છે.

૨. જો નામ દાખલ કરવામાં આવે તો દિકરીને અમુક વર્ષ પછી હકક ઉઠાવી લેવા દબાણ કરવામાં આવે છે.

૩. સામાજિક રીતે દિકરીઓને જમીન અધિકાર નથી તેવું વાતાવરણ બનાવી રાખવામાં આવે છે.

**આ સામે, સ્વભૂમિ કેન્દ્ર દ્વારા, દિકરીઓને પિતૃક સંપત્તિનો કાયદાકીય અધિકાર છે અને તેના અમલીકરણ માટે જાગૃતિ વધારવાનું કામ કર્યુ છે, દિકરીઓ સાથે,જમીન અધિકારના મહત્વ અને હકક ના ઉઠાવવા માટે સંવાદો કરવામાં આવ્યા છે.**

- દિકરીઓના નામ આવ્યા તો તેમને ખેડૂત તરીકેની ઓળખ થઈ. હવે તેમને લોન કે સહાય મળશે.
- દિકરી તરીકે પણ જમીનમાં હકક મેળવીશું હકક જતો નહી કરીએ. (હરીપર ગામ લાભુબહેન, શકીનાબહેન, સોલબહેન–વાવડીગામ , વિલાસ નાગર–રામદેવપુર, ચકુબહેન–રૂડા )

**૨૦૫૮ વિધવા વારસાઈ ૧૯૦૫ દિકરીઓએ હકક મેળવ્યો છે. ૩૪૦૧ કુટુંબ વારસાઈમાં મદદરૂપ બન્યા છે.**

## ૪. વારસાઈ કરાવવામાં નાણાંકીય ખર્ચ ઓછો થયો.

સામાન્ય રીતે લોકો અનુભવથી એવું માને છે કે, વારસાઈ કરાવવામાં ઘણો ખર્ચ થાય છે, લોકોને વહિવટી માળખા અને તેની પ્રક્રિયાની માહિતી નથી. પરીણામે વારસાઈ કરાવવા માટે વચેટીયાઓની મદદ લેવામાં આવે છે આના કારણે ખર્ચ વધી જાય છે. પરીણામે,

૧. લોકો વારસાઈ કરાવવા તૈયાર થતા નથી. પરીવારોની વારસાઈ લાંબા સમયથી બાકી રહી જાય છે.

૨. ગરીબ પરીવારો વારસાઈ કરાવવાનું વિચારતા નથી

૩. વિધવા મહિલાઓને જો તેમનો જમીન અધિકાર જોઈતો હોય તો વારસાઈનો ભાર ઉઠાવવાનું પરીવાર તરફથી કહેવામાં આવે છે વિધવા મહિલા આ ખર્ચ ઉઠાવી શકે તેમ ના હોય તો પોતાનો અધિકાર મેળવવાનું જ માંડી વાળે છે.

સ્વભૂમિ કેન્દ્ર દ્વારા આવા કિસ્સાઓમાં ટેકો આપીને વારસાઈ દ્વારા વિધવા મહિલાઓને તેમના અધિકાર અપાવવામાં મદદરૂપ બન્યા છે.

- અમીના સિપાહી–ધ્રુમઠ ગામ : હું વિધવા થઈ પછી દિકરા દિકરી ને હકક મળ્યો માત્ર ૫૦૦ રૂ.માં! જો તમે ના હોત તો આ થાત નહીં.
- રતનબહેને કહયું," તમે બહેનોને આવી રીતે મદદ કરો છો તે સારૂં છે આથી બહેનોનો સમય અને ખર્ચ બચે છે. મારી દિકરીનું નામ દાખલ થયું તે મને ગમ્યું".
- બોચા ગામ ટીકુબહેન રબારી,બોરાણા – ધનબાઈ બહેન ગઢવી : વારસાઈ કરાવવી હોય તો ઓછામાં ઓછા ૧૦૦૦૦ રૂ. જોઈએ . અત્યારે જે કરાવી છે તેમાં રૂ. ૩૫૦ જેટલો ખર્ચ થયો છે.
- ગોરઆંબલીના ગાંગુબહેન : આ બહેન સાથે મદદ માંગી તો ૨૫૦રૂ.માં થઈ ગઈ નહીં તો, ૨૫૦૦ રૂ. ખર્ચ થાય તેમ કહયુ હતું. વારસાઈમાં મોટો ખર્ચ થાય છે.

## ૫. સામાજિક હસ્તક્ષેપ માટે સ્વભૂમિ કેન્દ્રની મહેસૂલી માળખાઓ દ્વારા સ્વીકૃતિ

- સાગબારા તાલુકાના મામલતદાર એ પછી પાંચપિપળી ગામમાં ગ્રામસભામાં આવ્યા હતા તેમણે જાહેરમાં અમારા (પેરાલિગલના) કામની સરાહના કરી અને લોકો વચ્ચે જાહેરમાં કહયું કે, 'વારસાઈ ઝુંબેશમાં બહુ ઉપયોગી થયા છે.'
- સાગબારા તાલુકામાં ચૂંટણી કાર્ડ કઢાવવામાં લોકો સાથે કામગીરી કરવામાં મામલતદાર દવારા સ્વભૂમિ કેન્દ્રની મદદ લેવામાં આવી હતી.
- બધી વારસાઈ ચકાસવા મામલતદારે અમને કહયું, "તમને ગામમાં જાવ છો એટલે તમને વારસદારો કોણ છે તેની ખબર હશે એટલે તમે ચકાસી લો પછી જ વારસાઈની નોંધ પાડીએ".આ સાથે મામલતદારે ૩૦ ગામની ૮૬ અરજી પર ફોલોઅપ કરવાનું ,ગામમાંથી બહેનોને બોલાવીને સોગંદનામું કરાવવું.આ કામ સોંપ્યું ૪ દિવસમાં પેરાલિગલ કાર્યકરોએ આ કામ પુરૂં કર્યુ. ( દેવગઢ બારીયા તાલુકાના સ્વભૂમિ કેન્દ્રનો અનુભવ)
- ઘોઘા, મેઘરજ, બાવળા તાલુકામાં કૃષિ ગ્રામસેવક દારા સ્વભૂમિ કેન્દ્ર પરથી યોજનાના લાભાર્થી માટે મહિલાઓની પસંદગીની મદદ લેવામાં આવી.

**સ્વભૂમિ કેન્દ્રના પેરાલિગલ કાર્યકરો :**

- સરકારી તંત્ર માં અને ગામોમાં અમારી ખૂબ ઓળખ થઈ છે. (લોકો ગમે ત્યારે જમીનના ગુંચવાયેલા પ્રશ્નો પૂછે છે અથવા સલાહ લે છે. )
- તલાટીશ્રીઓ સ્વભૂમિ કેન્દ્ર પર આવીને સામૂહિક જવાબ પંચનામા કરવા આવે છે કોઈ કિસ્સામાં સલાહ આપે છે. એમની ભૂમિકા સાથે સ્વભૂમિ કેન્દ્ર જોડાઈ ગયું છે.
- સરકારી વારસાઈ ઝુંબેશ દરમ્યાન મામલતદારશ્રી તરફથી સારો સહકાર મળ્યો. સ્વભૂમિ કેન્દ્રની મહેસુલ વિભાગમાં સારી ઓળખ થઈ છે.

- ❖ મામલતદારશ્રી પેરાલિગલને મળે છે ત્યારે કાંઈ કામ હોય તો કહેજો કહે છે જે અમને બહુ સારૂં લાગે છે.

**સ્વભૂમિ કેન્દ્ર શરૂ કરતા સમયે મહેસુલી માળખા દ્વારા આવા માળખાને સ્વીકારવાની કે તાલુકા સ્તરે આ માળખા માટે જગ્યા આપવા તૈયારી ન હતી. સ્વભૂમિ કેન્દ્રની કામગીરી દ્વારા સામાજિક સ્તરે વારસાઈ કરાવવાની જાગૃતિ વધી, દિકરીઓના હકક દાખલ થયા, ઘણાં વર્ષોથી બાકી રહેલી વારસાઈ થઈ, જે કેસમાં દસ્તાવેજોના અભાવે વારસાઈ ના થઈ શકે તેમ હોય તે સંજોગોમાં અરજદારની સાથે રહીને દસ્તાવેજ તૈયાર કરવામાં મદદરૂપ બનવું જેવી વિવિધ ભુમિકા ભજવતા, તાલુકા સ્તરે સ્વભૂમિ કેન્દ્રની ઓળખ વધી, મહેસુલી માળખા દ્વારા સ્વભૂમિ કેન્દ્રની મદદ લેવાનું, સંકલન કરવાનું પ્રમાણ વધ્યું.**

## ૬. મહિલા અને જમીન માલિકી જેવા સામાજિક મુદાઓ માટે ગ્રામજનો દવારા વિશ્વાસની ભાવના ઉભી થઈ.

- બહેનો કુટુંબીજનો સામે બોલી શકતા નથી. પેરાલિગલનો ટેકો મળવાથી બોલવાની, તાલુકા સ્તરે ઓફિસમાં જવાની હિંમત મળી છે.
- વારસાઈની પ્રક્રિયાની પુરી માહિતી મળવાથી લોકો માટે સરળ બન્યું.
- ઝુંબેશમાં વારસાઈની પ્રક્રિયામાં સમય ઓછો લાગ્યો. પ્રક્રિયા ઝડપથી થઈ તેના કારણે લોકોને સરળ બન્યું.
- રત્નીબહેન જીવાભાઈ ડામોર : ૩૦ કી.મી.મેઘરજ ગામે જવાનું હતું. ૧૦ વર્ષથી વારસાઈ, પેઢી નામું બાકી હતું. હું અપંગ હતી તો મને કોઈ મેઘરજ લઈ જતું ન હતું. આ બહેનો આવી તો મને આટલે જવા મળ્યું અને મારી વારસાઈ થઈ ગઈ.
- લક્ષ્મીબહેન પરમાર–રામદેવપૂર : આ સારૂં તમે આવું ( કેન્દ્ર )ચાલુ કર્યુ છે. બૈરા જમીનના કાગળિયા લઈને ધકકા ખાતા થાકી ગયા હવે બહેનોને જવાબ મળે છે.
- અત્યાર સુધી ચાલતું આવ્યું તેમ અમે કર્યુ છે કોઈએ આવીને કહયું નથી આજે કીધું છે તેથી હવે મગજમાં લઈશું. " ( મહિલા કિસાન ઝુંબેશ દરમ્યાન મહિલાઓના જમીન અધિકાર અને ખેડૂત તરીકે ઓળખ માટેના સંવાદો દરમ્યાન અગાસવાણી ગામના કબુબહેનના પતિ )

**જેવી રીતે મહેસુલી માળખામાં સ્વભૂમિ કેન્દ્રની કામગીરીથી સ્વીકૃતિ વધી તેવી જ રીતે, મહિલા અને જમીન માલિકી બાબતે ક્ષેત્રીય સ્તરે જાગૃતિ વધારવા, જે મહિલાઓ જમીન અધિકાર મેળવવા ઈચ્છતી હોય તે મહિલાઓને ટેકો આપવો, પુરૂષો અને પરીવારના લોકો સાથે સતત સંવાદો કરવા જેવી વિવિધ ભૂમિકાઓ અને નકકર કામગીરીના કારણે સામાજિક સ્તરે, ગામોમાં સ્વભૂમિ કેન્દ્ર જેવા માળખાની સ્વીકૃતિ વધી છે. લોકો 'જમીન અપાવવાવાળા ' તરીકે ઓળખતા થયા છે, જમીનના પ્રશ્નોમાં સ્વભૂમિ કેન્દ્રનું માર્ગદર્શન લેતા થયા છે.**

## ૭. 'મહિલા ખેડૂત ' માટે મહિલાઓ અને પુરૂષોની સ્વીકૃતિ

**અત્યારની પરિસ્થિતિએ કાયદાકીય રીતે કે સામાજિક રીતે મહિલાઓની 'ખેડૂત' તરીકે ઓળખ નથી. આ બાબતે વહિવટી માળખામાં સમજ વધે, ગ્રામ્ય સ્તરે સમજ અને સ્વીકૃતિ વધે તે મુખ્ય વિચારથી મહિલા**

**કિસાન ઝુંબેશ કરવામાં આવી હતી. આ ઝુંબેશમાં મહિલાઓ અને પુરૂષો સાથે રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. મહિલાઓ અને પુરૂષોના વલણમાં બદલાવ લાવવામાં આ ઝુંબેશ દ્વારા સફળતા મળી છે.**

- ગામ કામલપુર પટેલ : બહેનો ઘણું કામ કરે છે. એક નહીં બે જવાબદારી નિભાવે છે. ખેતી તો બહેનો હોય તો જ સચવાય.
- વિક્રમ ભાઈ – ગામ ધ્રુમઠ : જયારે મારી જમીનની વહેંચણી થશે ત્યારે મારી પત્નીનું નામ સંયુકત નામ તરીકે દાખલ કરીશ.
- ખાંભડાના ભરતભાઈ પટેલ : પત્નીના નામે જમીન છે હવે મારી જમીનમાં સંયુકત નામ કરીશ.
- અમુક ભાઈઓ : નકલમાં ભાઈઓનું નામ છે તેથી ભાઈઓને ખેડૂત કહીએ છીએ. આજે ચર્ચા કરી તો લાગે છે બહેનોને પણ (ખેડૂત) કહેવી જોઈએ.
- ૭ ગામમાંથી કુલ ૩૦ ભાઈઓએ કહયું – હું મારી પત્નીના નામે જમીન કરીશ.
- કવિબહેન કોળી – દહેગામડા : મારેય નામે જમીન કરાવવી છે પણ ખાતા વહેંચણી કરાવીએ પછી.
- ઝજામ ગામ સાજનબહેન ઠાકોર : હવે મારા ઘરવાળાને હું જ કહીશ મને ભલે અલગથી ના આપો પણ જમીનમાં તો જોડો ? (સંયુકત નામ કરી આપો)
- ઉખરલા – બહેનો : બહેનોને બોલવાનો મોકો મળે તો હકક માટે આગળ તો આવે છે.
- છાયા ગામ – ધરમશીભાઈ : તકરારી કેસની માહિતી અને સમજમાં વધારોથયો
- ખોખરા : કુંવરબહેન સરપંચ : બહેનોના નામે જમીન તો હોવી જોઈએ.
- ગામ રોહિકામાં શિક્ષક : મહિલાઓના નામે જમીન હોવી જોઈએ.
- મોરચંદ –તારાબહેન : બહેનોમાં વારસાઈ, વહેંચણી, ધિરાણ, પાક વીમો, ખેડૂત , અકસ્માત વિમો, આત્મા, આઈ કિસાન, કે.વી.કે. જેવી બાબતોની સમજ વધી.

## ૮. પંચાયત સ્તરે મહિલાઓના જમીન અધિકાર માટે પહેલ

- ખોખરા/ સાડવદર : મહિલા સરપંચ : ગામતળ માટે જમીન મંજુર કરવી. મકાન માટે પ્લોટ આપવાના છે, પ્લોટની જમીન બંનેના નામે કરશે. ૧૪ પરીવારોને ફાળવી દીધા છે. સનદ સંયુકત નામે કરી છે એમાં પહેલાં બહેનનું નામ આવે છે.

## ૯. મહિલાઓ અને પુરૂષોની ખેતીલક્ષી યોજનાઓ મેળવવા માટેની જાગૃતિ વધી.

- જામગઢ ગામ લક્ષ્મીબહેન ડામોર : પહેલાં યોજનાનો લાભ અમારા નામે (વિધવા )થી બીજા લઈ લેતા હતા તમે આવવાથી અમે જાગૃત થયા.
- વિરેન્દ્રગઢ ગામ કંકુ બહેન : સંયુકત નામે જમીન છે. તેથી ભાગીદારો સહી કરતા નથી એક પણ લાભ મળતા નથી. ખાતાફોડ કરવા તૈયાર નથી.
- ચંપાબહેન : હવે આટલી માહિતી આપો છો તો પાઈપ લાઈનની લોન અપાવવામાં મદદ કરો.

- ❖ મોરચંદ –તારાબહેન : બહેનોમાં વારસાઈ, વહેંચણી, ધિરાણ, પાક વીમો, ખેડૂત , અકસ્માત વિમો, આત્મા, આઈ કિસાન, કે.વી.કે. જેવી બાબતોની સમજ વધી.

## ૧૦. અરજદારોને આધાર–પુરાવાઓ મેળવવામાં સ્વભૂમિ કેન્દ્રનો સહયોગ

**રંજનબહેન કહે છે – "જમીનના દસ્તાવેજ મેળવવામાં પેરાલિગલ કાર્યકરોએ મને મદદ કરી છે. મારી જમીનમાં ગામના માથાભારે દરબાર અને ભરવાડ લોકો આમાં સંડોવાયેલા છે. આ લોકો મને ડરાવે છે પણ પેરાલિગલના ટેકાથી મારી જમીન પાછી મેળવવા માનસિક રીતે તૈયાર થઈ છું".**

સરલાબહેન નાથુભાઈ –મેનપુર તાલુકો લિમખેડા જિલ્લો દાહોદ

૨૩ વર્ષ સરલાબહેનના પિતાને ત્યાં તેમની જમીનનો બધો જ વહિવટ તેમના કાકા કરે છે. સરલાબહેનને ભાઈ નથી તેમની નાની બહેન આ કાકાના ત્યાં જ રહે છે. સંગઠન દ્વારા સ્વભૂમિ કેન્દ્રની જાણ થઈ. દિકરીઓ પિતાની જમીનમાં સીધી લીટીના વારસદાર છે તેવી માહિતી મળતાં, સરલાબહેને વિચાર્યુ કે, જમીન હોય તો ગમે તે રીતે પોતાનું જીવન જીવી શકાય. તેમણે કાકાને વાત કરી. કાકાએ કહયું ," નાની દિકરીનો ભણવાનો , લગ્નનો બધો જ ખર્ચો અમે કરીશું પણ જમીનમાં વારસાઈ કરાવવાની જરૂર નથી". સરલાબહેન મરણનો દાખલો લેવા તલાટી પાસે ગયા તો તલાટીએ કહયું –તારે દાખલાનું શું કામ છે ? આ પછી પેરાલિગલ કાર્યકરોએ તેમના પિતાના નામ પરથી ઈ–ધરામાંથી ૭/૧૨ અને ૮અ મેળવ્યા. તલાટી પાસેથી દાખલો મેળવ્યો.વારસાઈનું પ્રકરણ તૈયાર કરી ઈ–ધરામાં આપ્યું.

**સ્વભૂમિ કેન્દ્ર પર વારસાઈની પ્રક્રિયા અટકી હોય, અરજદારો ના કરી શકે તેમ હોય તેવા તકરારી કે વિલંબમાં પડેલ કિસ્સાઓ વધારે આવ્યા છે. આ કિસ્સાઓમાં એક અવરોધ કુટુંબ/પરીવાર સ્તરેથી અને બીજો અવરોધ વહિવટી સ્તરેથી એટલે કે, જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ ના હોય તેવા સંજોગોમાં વારસાઈ થઈ ના શકી હોય . આવા કિસ્સાઓમાં સ્વભૂમિ કેન્દ્ર દ્વારા જમીન ધારકના મૃત્યુનો દાખલો ના હોય, તલાટી દ્વારા પેઢી નામા પર થી પંચનામામાં સહી ના થઈ હોય, અરજદારને પરીવાર તરફથી ૭/૧૨ ના મળતા હોય, જમીન વિશે સર્વે નં. કોઈ માહિતી ના હોય જેવી માહિતી અને દસ્તાવેજો મેળવવામાં મદદરૂપ બન્યું છે.**

## ૧૧. ખાનગી જમીનમાંથી જમીનના વ્યાપક પ્રશ્નો માટે ઓળખ ઉભી થઈ.

**સ્વભૂમિ કેન્દ્ર , મહિલાઓની ખાનગી જમીન પરના જમીન માલિકી અધિકારોની જાગૃતિ અને ઉત્પાદક સંસાધનો સુધી મહિલાઓની પહોંચ વધારવા માટે ફોકસ (કેન્દ્રિત) પ્રવૃતિઓ કરે છે. આ દરમ્યાન દરેક સભ્ય સંસ્થાઓ/સંગઠનોની પોતાના વિસ્તારના પ્રશ્નો અને પ્રવૃતિઓ સાથે મહિલા અને જમીન માલિકીના મુદ્દાને જોવાની સમજ વિકસી છે પરીણામે, મહિલાઓ સાથે હિંસા અટકાવવા મહિલાઓની સંપત્તિના અધિકારો દ્વારા સુરક્ષિતતા અપાવવી, દરેક સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ વિકસાવવું અને એ દ્વારા મહિલાઓની ઓળખ વધારવી, પર્યાવરણ અને જમીનની સંતુલિતતા જાળવવામાં મહિલાઓની સમજ વિકસાવવી અને નેતૃત્વ વિકસાવવા માટે સ્વભૂમિ કેન્દ્ર સાથે વિવિધ પ્રશ્નોને સાંકળવાનો પ્રયાસ થયો છે અને**

**તેમાં સ્થાનીક સંસ્થાઓ અને તેમના દ્વારા પ્રેરીત સંગઠનોએ આગેવાની લીધી છે.( સભ્ય સંસ્થાઓના વિવિધ અનુભવો માટે જુઓ... એનેક્ષર – ૩ )**

**સ્વભૂમિ કેન્દ્રનું સંચાલન કરનાર સંસ્થા અને સંગઠનને આ કેન્દ્ર શરૂ કરવાથી જે અસર થઈ તે બાબતો આ અભ્યાસ અંતર્ગત તેમની મુલાકાત દરમ્યાન જાણવા મળેલ છે. સ્વભૂમિ કેન્દ્ર પર બે પેરાલિગલ કામ કરે છે તેમની ક્ષમતા વધારવા માટે તાલીમો કરવામાં આવી છે. પેરાલિગલ કાર્યકરોએ તેમના અનુભવ સરકારના અધિકારીશ્રીઓ સાથે વહેંચ્યા છે, યોજનાકીય માહિતી મેળવી છે. તાલીમની સાથે પ્રેક્ટીકલ કામ કરતા–કરતા તેમણે અનુભવનું ભાથું મેળવ્યું છે.**

**અ. પેરાલિગલ કાર્યકરો :**

પેરાલિગલ કાર્યકરોએ જણાવ્યા મુજબ ,

- જમીન વારસાઈ સંબંધિત પ્રક્રિયાઓ શીખવા મળી છે.
- જમીનને લગતા વિવિધ પ્રશ્નોની માહિતી અમને મળી છે.
- મહેસુલ ખાતાની અને કાયદા વિશે ઘણું જાણવા મળ્યું છે.
- સરકારી તંત્રમાં અને ગામોમાં અમારી ખૂબ ઓળખ થઈ છે. (લોકો ગમે ત્યારે જમીનના ગુંચવાયેલા પ્રશ્નો પૂછે છે અથવા સલાહ લે છે. )
- તલાટીશ્રીઓ સ્વભૂમિ કેન્દ્ર પર આવીને સામૂહિક જવાબ પંચનામા કરવા આવે છે કોઈ કિસ્સામાં સલાહ આપે છે. એમની ભૂમિકા સાથે સ્વભૂમિ કેન્દ્ર જોડાઈ ગયું છે.
- સરકારી વારસાઈ ઝુંબેશ દરમ્યાન મામલતદારશ્રી તરફથી સારો સહકાર મળ્યો. સ્વભૂમિ કેન્દ્રની મહેસુલ વિભાગમાં સારી ઓળખ થઈ છે.
- મામલતદારશ્રી પેરાલિગલને મળે છે ત્યારે કાંઈ કામ હોય તો કહેજો કહે છે જે અમને બહુ સારૂં લાગે છે.
- સરકારી અધિકારીશ્રીઓ સાથે વાત કરતાં ડર લાગતો હતો આજે હવે પ્રાંત સુધી અને કલેકટર સુધી જઈ શકે છે અને વાત કરી શકે છે.
- પેરાલિગલ જણાવે છે : અમારી આવડત, હિંમત, આત્મ વિશ્વાસમાં વધારો થયો છે.
- મહિલાઓના જમીનમાં હકક દાખલ થાય છે ત્યારે એમના ચહેરા પર ખુશી જોઈને મન ખુશ થઈ જાય છે.
- સરકારી અધિકારીઓ પાસે કામ કરાવીએ છીએ ત્યારે એવું લાગે છે કે, અમારી પાસે સત્તા છે.
- ગ્રામસેવકો અત્યારે સામેથી કહે છે, હવે મહિલાઓને યોજનાના લાભ અપાવવા છે હું સ્વભૂમિ કેન્દ્ર પર આવીને જાણ કરીશ.

**વિસ્તારમાં કાર્યરત સ્થાનીક સંગઠન :**

**સ્થાનીક સંગઠનો જે સ્વભૂમિ કેન્દ્ર સાથે જોડાયેલા છે. કેન્દ્ર દ્વારા થતી અને કરવાની કામગીરીનું રિવ્યુ અને આયોજનની તેમની ભૂમિકા છે આ સંગઠન સાથેની મુલાકાતમાં જાણવા મળ્યા મુજબ,**

- સંગઠનની ઓળખ વધી છે.
- સંગઠનમાં સભ્ય સંખ્યા વધી છે.
- સંગઠનના સભ્યોની જમીનના કાયદા સંબંધિત જાણકારી વધી છે .
- સંગઠન અત્યાર સુધી મહિલાઓના અધિકારની વાત કરતા હતા પણ કેવી રીતે તે સમજાતું ન હતું. જે આ મુદ્દા પર કામ કરવાથી બહેનોને અધિકાર આપી શકાય છે તે જોઈ શકાય છે. નકકર કામ દેખાય છે.

**સંસ્થા સાથે :**

**સભ્ય સંસ્થાઓ જેમના કાર્યવિસ્તારમાં સ્વભૂમિ કેન્દ્ર ચાલે છે. સંસ્થા દ્વારા પ્રેરીત સંગઠનો આ કેન્દ્રસાથે જોડાયેલા છે તેમજ સંસ્થાએ પોતાની વિવિધ પ્રવૃતિઓ અને મુદ્દાઓ સાથે મહિલા અને જમીન માલિકી અધિકારના મુદ્દાનું જોડાણ કર્યુ છે. સંસ્થાના અનુભવી કાર્યકર સાથેના સંવાદ દરમ્યાન જાણવા મળ્યા મુજબ,**

- સંસ્થાની ઓળખમાં હકારાત્મક બદલાવ આવ્યો છે.
- સંસ્થાની ઓળખ કોઈ એક મુદ્દા ઉપર કામ કરતા (જેમ કે, મહિલાઓ સાથે થતી હિંસા અટકાવવી, લોકોના અધિકાર પ્રાપ્તિ માટે ચળવળ કરવી) તેની સાથે સાથે મહિલા અને જમીન માલિકીના મુદ્દા પર કામ કરવાની ઓળખ થઈ.
- સરકારી તંત્ર સાથે સંકલનનું પ્રમાણ વધ્યું છે જેના કારણે સંસ્થા, સરકારી તંત્ર અને લોકો વચ્ચે કડી બની શકી છે.

**સરકારી કચેરીમાં સ્વભૂમિ કેન્દ્રથી મળેલ પરીણામ :**

આ મુદે\પેરાલિગલ તરફથી જાણવા મળ્યા મુજબ –

પહેલાં કચેરીમાં બેસવું કેવી રીતે ? તેવા પ્રશ્નો થતાં હતાં પરંતુ સરકારી કચેરીએ બેસવાથી ઘણું અસરકારક રહયું.

- સરકારી કચેરીની આસપાસ ઈ–ધરા કેન્દ્ર, હોય છે, તલાટી મીટીગમાં દર અઠવાડિયે મળે છે તેમની સાથે સંકલન કરવાનું સરળ પડે છે.
- અરજદાર પ્રશ્ન લઈને આવે છે તરત જ તેના માટે દસ્તાવેજ મેળવવાના હોય કે કાંઈ કરવાનું હોય તો તે થઈ શકે છે.
- તાલુકા સ્તરે સરકારી કચેરીમાં કેન્દ્ર હોવાના કારણે તેની દ્રશ્યમાનતા વધી છે.

## ક. સ્વભૂમિ કેન્દ્ર: ભાવીની કામગીરી માટે દિશા સૂચન

એક વર્ષ દરમ્યાન અલગ અલગ ઝુંબેશો દ્વારા ગામમાં મહિલાઓના ખાનગી જમીન માલિકી અધિકાર માટે જાગૃતિ વધારવાના પ્રયાસો થયા છે તેમજ વારસાઈ દ્વારા વિધવા મહિલાઓ અને દિકરીઓને જમીન અધિકાર મળ્યા છે તેવા કિસ્સામાં –

### ૧. મહિલાઓની જમીન માલિકી નિશ્ચિત કરવા માટે,

- વારસાઈ ઝુંબેશ દરમ્યાન સ્વભૂમિ કેન્દ્ર પરથી ટેકો આપ્યો હોય તેવા કેસમાં જયાં પાકીનોંધ નથી તેવા કેસોનું ફોલોઅપ કરી પાકી નોંધ પડે ત્યાં સુધી લઈ જવા.
- જયાં ખાતાફોડ/વહેચણી શકય છે ત્યાં પ્રક્રિયામાં મહિલાને ટેકો આપી મહિલાઓને સ્વતંત્ર ખાતેદાર બનાવવા.
- સરકારી વારસાઈ ઝુંબેશ દરમ્યાન જે ગામમાં સ્વભૂમિ કેન્દ્ર પર થી ટેકો કરવામાં આવ્યો છે તેવા ગામમાં ઓછામાં ઓછા ૧૦ ગામમાં ૧૦૦ ટકા વારસાઈ થઈ જાય તે જોવું.
- તાલુકા સ્તરે મામલતદાર સંવાદનું આયોજન કરવું અને વારસાઈ દરમ્યાન ઓળખાયેલા તકરારી કેસોમાં વારસાઈ કરાવવા પ્રયાસ કરવા.
- દરેક વિસ્તારલક્ષી જમીન સંબંધિત પ્રશ્નો, સંગઠનની મહિલાઓને જોડીને આગળ લઈ જવા(પડતર જમીન માંગણી, શ્રી સરકાર થયેલ જમીનને ગરીબો માટે પરત મેળવવી)

### ૨. જમીનધારક મહિલાઓની ઉત્પાદક સંસાધનો સુધી પહોંચ વધારવી.

- જે મહિલાઓએ વારસદાર/ ભાગીદાર તરીકે જમીનમાં હકક મેળવ્યો છે તે મહિલાઓનું આઈ. કિસાન તરીકે રજિસ્ટ્રેશન કરાવવું.
- કૃષિલક્ષી યોજનાઓ સાથે વધુ ને વધુ મહિલાઓને જોડવા.
- મહિલા કિસાન ઝુંબેશ વધારે ગામમાં કરવી.
- તાલુકા સ્તરે મહિલા કિસાન સંમેલનનું આયોજન કરવું.

### ૩. વારસાઈ ઝુંબેશ, મહિલા કિસાન ઝુંબેશને વ્યાપક બનાવવી.

- મહિલા કિસાન ઝુંબેશ વધારે ગામમાં કરવી.
- તાલુકા સ્તરે મહિલા કિસાન સંમેલનનું આયોજન કરવું.

## ડ. હિમાયતની બાબતો :

### નીતિગત સ્તરે હિમાયત :

સ્વભૂમિ દ્વારા કામગીરી દરમ્યાન પેરાલિગલ કાર્યકર દ્વારા સરકારશ્રીને હિમાયત કરવાના સૂચનો છે. તેમજ ઝુંબેશ દરમ્યાન મહિલાઓ અને પુરૂષો દ્વારા સરકારશ્રીને સૂચનો કર્યા છે તેનો અહીં સમાવેશ કર્યો છે.

## ૧. મહિલાઓની જમીન માલિકી માટે પ્રોત્સાહિત કરવા :

- મોટા ખોખરા –પવનબા : પાક ધિરાણ અને અન્ય લોન મહિલાને સ્પેશ્યલ કવોટામાં આપવી જોઈએ.
- રમાબહેન ડાભી : સબસીડી અને સહાય અર્ધાભાગે(૫૦ ટકા) મહિલાઓને આપવી જોઈએ.
- મહિલા જમીનધારકનું તે જમીનધારક બન્યા તે પહેલાંનું (વર્ષો જૂનું )દેવું માંડવાળ કરવું જોઈએ.

## ૨. 'મહિલા ખેડૂત' તરીકે ઓળખ વધારવા

- કૃષિ યોજનાઓમાં મહિલાઓ માટે લક્ષ્યાંક નિશ્ચિત કરવા જોઈએ.
- મહિલાઓ ખેડૂતો છે તે માટે સરકાર દ્વારા જ ઉચ્ચારણો થવા જોઈએ, એટલે કે, મહિલા ખેડૂતની અલગ નોંધણી કરવી જોઈએ.
- મહિલા જમીનધારકો માટે યોજનાઓમાં વધારે પ્રોત્સાહક સહાય આપવી જોઈએ.

## ૩. વધુ લોકો સુધી માહિતી પહોંચાડવા

- પ્રચાર–પ્રસાર : સરકારશ્રી દ્વારા સરકારી વારસાઈ ઝુંબેશના સમયગાળા દરમ્યાન,કૃષિ યોજના માટે ઓનલાઈન નોંધણી શરૂ થાય ત્યારે વ્યાપક સ્તરે પ્રચાર–પ્રસાર કરવો જોઈએ.

## ૪. પ્રક્રિયાઓને વધુ સરળ બનાવવા :

- **કાચીનોંધ પૂર્વે તલાટીની સહી :** અરજદાર પંચકયાસ, સોગંદનામા, નિયતફોર્મમાં અરજી કરે છે, પ્રકરણ તૈયાર થાય છે ત્યારે તલાટીની સહી ફરજિયાત છે. ઈ–ધારામાં નોંધતા પહેલાં આ સહી ના હોય તો નોંધાતી નથી. ગામ સ્તરેથી લોકોને તલાટીને મળવા માટે પરેશાની ભોગવવી પડે છે. ઇ–ધારા માં પ્રકરણ ચકાસાઈ જાય પછી ત્યાંથી સહી થાય તો ગરીબો માટે પ્રક્રિયા વધુ સરળ બને.
- તાલુકા સ્તરે ઇ–ધારામાં કનેકટીવીટી ના હોય ત્યારે અરજદારને સમય અને નાણાંઓ વ્યય થાય છે. આવા સંજોગોમાં કનેકટીવીટી ના હોય ત્યારે પ્રકરણ ચકાસીને અરજદારને રસીદ આપી દેવામાં આવે અને પછીથી નોંધવામાં આવે તે પધ્ધતિ દાખલ કરવી જોઈએ. (અરજદારો ગામમાંથી આવે છે વાહન જવા –આવવા માટે પૂરતા હોતા નથી. એક દિવસ જેટલો સમય નીકળી જાય છે.)

## એનેક્ષર – ૧.

## ૧.૧ સ્વભૂમિકેન્દ્ર શરૂ કરવાની પૂર્વતૈયારીરૂપે પ્રચાર–પ્રસાર, અભ્યાસ અને વારસાઈ ઝુંબેશ :

નેટવર્ક અને સભ્ય સંસ્થાઓના અત્યાર સુધીના કામ અને અનુભવ પરથી એવું જોવા મળ્યું છે કે, જમીનધારકના મૃત્યુ પછી વારસાઈ ના થાય તો વિધવા મહિલાનું નામ તે જમીનમાં આવે જ તેવું કાયદો હોવા છતાં નિશ્ચિત નથી. પરીણામે, લાંબા સમય પછી તે મહિલાનો હકક સામેલ પણ ના થાય અને અથવા તેની જાણ વગર જમીન વેચાઈ જાય, વિધવા મહિલા સિવાય તેના દિયર, જેઠના નામે જમીન થઈ જાય. જો વિધવા મહિલા લાંબા સમયથી પિયર રહેતી હોય તો તેને તે જમીન પર કબજો ના મળે કે હકક પણ ના મળે. તેવી જ રીતે તે જમીન પર વારસાઈ થઈ જાય કે વેચાઈ પણ જાય. જો નિયમીત વારસાઈ થાય તો જ વિધવા મહિલાને તેના હકક મળે.

એવું પણ જોવા મળ્યું કે, વારસાઈ દરમ્યાન મોટાભાગે દિકરીનું નામ રાખવામાં આવતું નથી. ખાસ કરીને, દિકરી સાસરે જતી રહી હોય તો તેના પિતાની જમીનમાં તેનું નામ રાખવા માટે સામાજિક સ્વીકૃતિ નથી. વારસાઈ સમયે પરણિત દિકરીના નામ છૂપાવવામાં આવે છે અથવા જો વારસાઈ સમયે તેમના નામ રાખવામાં આવ્યા હોય તો થોડા સમય પછી દિકરીને તેનો હકક ઉઠાવી લેવા દબાણ કરવામાં આવે છે પરીણામે, દિકરીઓ પોતાનો હકક ઉઠાવી લે છે. આ સામે જન જાગૃતિ , કાયદાકીય જોગવાઈના અમલીકરણ માટે અપીલ કરવા માટે ગામમાં પ્રચાર –પ્રસાર કરવામાં આવ્યો હતો તેમજ મહિલાઓ સાથે આ મુદે\પ્રક્રિયાઓ કરવામાં આવી હતી. આ ઝુંબેશ ગામથી રાજય સ્તરે છ (૬) તબકકા માં કરવામાં આવી હતી.

### અ. પ્રચાર– પ્રસાર :

તાલુકાના પાંચ ગામમાં વારસાઈ નિયમીત કરાવવા, વિધવા મહિલાને, દિકરીઓને વારસાઈમાં તેમનો અધિકાર આપવા, પતિ–પત્નીના નામે સંયુકત નામે જમીન કરાવવા તેમજ કાયદાકીય જોગવાઈના અમલીકરણ માટે પત્રિકાઓ વહેંચવામાં આવી હતી. આ પત્રિકાઓમાં સ્વભૂમિ કેન્દ્ર શરૂ થવાનું છે તેની માહિતી પણ આપવામાં આવી હતી.

### બ. મહિલા ગ્રામસભા :

ગામમાં ગ્રામસભા કરતા પહેલાં મહિલા ગ્રામઅંગે સરકારશ્રી તરફથી ૨૦૧૩માં પરિપત્ર બહાર પાડયો હતો આ પરિપત્રનું અમલીકરણ થાય, ગ્રામસભામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધે તો તેમના પ્રશ્નોને ગ્રામસભામાં મૂકવાની તક મળે. આ હેતુથી નેટવર્ક દ્વારા જયાં સ્વભૂમિ કેન્દ્ર છે ત્યાં મહિલા ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન,

મહિલાઓને એક જગ્યાએ એકત્ર કરી, મહિલાઓના નામે શા માટે જમીન હોવી જોઈએ તેનું મહત્વ સમજાવવા માટે એસેટ્સ મેપીગ કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયા દ્વારા ગામમાં કેટલી મહિલાઓ જમીનધારક છે, મહિલાને કઈ કઈ રીતે જમીન મળે છે ? જમીન અધિકાર મેળવવા

માટે કયા અવરોધ આવે છે. તે માટે શું કરવું જોઈએ ? તેના પર સઘન ચર્ચા કરવામાં આવી. મહિલાઓ માટે જમીન મેળવવાનું મહત્વ દર્શાવતી ફિલ્મ –'ભાગે પડતી ભોંય'– ફિલ્મ દર્શાવવામાં આવી.




મહિલા ગ્રામસભા : વ્યારા તાલુકા, બેડચીત ગામ

મીટીગના અંતે, હાજર **મહિલાઓએ ઠરાવ પસાર કર્યો.** જેમાં– ગામમાં મૃત્યુનોંધ નિયમીત થવી જોઈએ, નિયમીત સમયે તલાટી વારસાઈ કરે, જનરલ ગ્રામસભામાં મૃત્યુનોંધ અને થયેલ વારસાઈ અને વારસદારોના નામ જાહેરમાં વંચાવવા જોઈએ, નિયમીત ગ્રામસભા થવી જોઈએ, તલાટી નિયમીત રીતે ગામમાં હાજર રહે– જેવા ઠરાવ પસાર કરી મંજુરી માટે પંચાયતને સામાન્ય ગ્રામસભામાં આપવામાં આવ્યા હતાં.

આ પ્રવૃત્તિના કારણે જે મહિલાઓ જમીનના અધિકાર મેળવવા સંઘર્ષ કરી રહી હતી, જેમની વારસાઈ બે થી ત્રણ પેઢીથી બાકી હતી તેવા કિસ્સા ઓળખાયા. જેઓને વારસાઈ કરાવવા માટે શું ટેકો જોઈએ છે તે ઓળખીને તેમને મદદરૂપ બન્યા.



મહિલા ગ્રામસભામાં એસેટસ મેપીગ ટુલ્સની પ્રક્રિયા



સામાન્ય ગ્રામસભામાં મહિલા અને જમીન માલિકીના પ્રશ્ન પર ચર્ચા અને મહિલા ગ્રામસભામાં થયેલા ઠરાવની માહિતી.

**ક. તાલુકા સ્તરે વારસાઈ કેમ્પ :**

આ રીતે ઓળખાયેલ કિસ્સામાં દસ્તાવેજ મેળવવા, પેઢીનામું બનાવવું, સોગંદનામું કરાવવું, મૃત્યુનોંધ ના થઈ હોય તેવા કિસ્સામાં કોર્ટમાંથી હુકમ મેળવી મૃત્યુનો દાખલો મેળવવો –આ પ્રકરણ તલાટી દ્વારા તૈયાર કરાવીને આપી તેમની સહી મેળવી ઈ–ધારામાં સબમીટ કરવામાં આવ્યા. ( તકરારી કેસમાં માર્ગદર્શન મેળવવા, તાલુકા સ્તરે વારસાઈ કેમ્પમાં હાજર રહી વારસાઈની પ્રક્રિયા કરવા માટે મામલતદારશ્રીને મળવાનું થયું. )

**ડ. કલેકટર સંવાદ :**

જિલ્લા કલેકટર જયાં મળી શકયા ત્યાં ( ૮ જિલ્લાઓમાં )મળીને તેમની સાથે ગામથી તાલુકા સ્તરે જે પ્રક્રિયાઓ થઈ તેની વાત કરવામાં આવી. મહિલાઓએ ગ્રામસભામાં જે ઠરાવ પસાર કર્યા હતા તેની રજૂઆત કરવામાં આવી. જેમાં – મૃત્યુનોંધ જાહેરમાં વંચાય, વારસાઈમાં હકક દાખલ કરેલ નામો જાહેરમાં વંચાય, નિયમીત રીતે ગામમાં વારસાઈ થાય, દિકરીઓ તેમનો હકક પાછો ના ખેંચી લે તે માટે કોઈ કાયદાકીય જોગવાઈ કરવી જોઈએ તેની રજૂઆત કરવામાં આવી. માળિયા તાલુકામાં વર્ષોથી સંઘર્ષ કરી રહેલા ખેડૂતોનો ડૂબની જમીનો માટે ઉકેલ તરફ જવા માટે પણ ચર્ચા કરવામાં આવી.

**ઈ. હકક પત્રક ૬ નો અભ્યાસ કરવો :**

ગામ સ્તરેથી હકક પત્રક ૬ મેળવી ગામમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થયેલ મૃત્યુનોંધ સામે કેટલી વારસાઈ થઈ છે, કેટલા વિધવા અને દિકરીઓના હકક દાખલ થયા, કેટલા વિધવા અને દિકરીઓએ પોતાના હકક જતા કર્યા તે બાબતો તારવવામાં આવી.

**કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ, અમદાવાદ, તાપી, દાહોદ જિલ્લાના ૩૪ ગામના હકક પત્રક –૬ના આ અભ્યાસ માંથી જે તારણો જાણવા મળ્યા તે નીચે જણાવ્યા છે.**

- **છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૨૧૯૦ દિકરીઓએ હકક મેળવ્યો છે જેની સામે, ૫૦૮ દિકરીઓ એટલે કે, ૨૩.૨ ટકા દિકરીઓએ તેમનો હકક જતો કર્યો છે. (આ પ્રમાણ છેલ્લા ત્રણ વર્ષમાં જેમણે હકક મેળવ્યો હોય તે જ દિકરીઓ હોય તે જરૂરી નથી.)**
- **વારસાઈની ૧૬.૬ ટકા નોંધમાં વારસદાર તરીકે દિકરીઓના નામ જણાતા નથી. તાપી જિલ્લાને બાદ કરતા (ત્યાં ૫.૬ ટકા જેટલું નીચું પ્રમાણ છે.) બાકીના ૪ જિલ્લાના ૫ તાલુકામાં આ પ્રમાણ ૨૦.૯ ટકા છે. એટલે કે, પાંચમા ભાગની નોંધમાં દિકરીઓની નોંધ કરવામાં આવી નથી.**
- **છેલ્લા ત્રણ વર્ષમાં, ૪૪૯ વિધવા મહિલાએ વારસાઈમાં હકક મેળવ્યો છે તેમાંથી ૭૮ ટકા વિધવા મહિલાઓએ પોતાનો હકક છોડી દીધો છે. (આ પ્રમાણ છેલ્લા ત્રણ વર્ષમાં જેમણે હકક મેળવ્યો હોય તે જ મહિલાઓ હોય તે જરૂરી નથી.)**

- છેલ્લા ત્રણ વર્ષમાં, ૨૬૩૯ મહિલાઓએ (દિકરી અને વિધવા તરીકે) વારસાઈમાં હકક મેળવ્યો છે જયારે ૫૮૬ એટલે કે, ૨૨.૨ ટકા (દિકરી અને વિધવામહિલાએ)એ તેમનો હકક છોડી દીધો છે. (આ પ્રમાણે છેલ્લા ત્રણ વર્ષમાં જેમણે હકક મેળવ્યો હોય તે જ મહિલાઓ હોય તે જરૂરી નથી.)

**ઓ. રાજય સ્તરે અને મીડિયા દવારા આ બાબતોને ઉજાગર કરવા પ્રયાસો કરવા :**

નેટવર્કની સભ્ય સંસ્થાઓ દ્વારા થયેલા પ્રયાસો, નીકળેલા તારણોની રજૂઆત કરવા, મહિલાઓએ કરેલા ઠરાવો અંગે સરકારશ્રીને યોગ્ય અમલીકરણ કરવા સંદર્ભે રજૂઆત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. તેમજ પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી અને આ મુદ્દાને ઉજાગર કરવામાં આવ્યો.



પ્રેસ કોન્ફરન્સમાં અભ્યાસના તારણોની રજૂઆત

# એનેક્ષર – ૨

## મહિલા કિસાન ઝુંબેશ.

### શું અમે પણ ખેડૂત નથી ?

સામાન્ય રીતે ખેતીમાં મહિલાઓની ભૂમિકા જોઈએ તો ૭૦ થી ૮૦ ટકા કામ મહિલાઓ કરે છે. આમ છતાં, ખેડૂત તરીકેની ઓળખ પુરૂષોની હોય છે. આ સમજના કારણે મહિલાઓ, પુરૂષો જેટલી જ ખેતીમાં જોડાયેલી હોવા છતાં, તે અંગેના જ્ઞાનથી વંચિત રાખવામાં આવે છે. ખેડૂત તરીકેની ઓળખ ના હોવાના કારણે ખેતી અંગેના નાણાંકીય લાભ, ખેડૂત તરીકેની ઓળખના દસ્તાવેજો (ખેડૂત પોથી, કિસાન ક્રેડિટ કાર્ડ, ૭/૧૨,હકક પત્રક ૬ ના દસ્તાવેજ)માં તેમના નામ નથી.

ખેતીમાં કામ કરતી મહિલાઓની કિસાન તરીકે ઓળખ થાય, જે મહિલાઓ ખેડૂત ખાતેદાર/ભાગીદાર છે તેમને કૃષિ સંબંધિત સરકારી યોજનાઓ સાથે જોડીને તેમની આજીવિકામાં સુધારો થાય આ હેતુથી સ્વભૂમિ કેન્દ્રમાં મહિલાઓને જમીન માલિકી અને મહિલાઓની કિસાન તરીકેની ઓળખ તે મુખ્ય બે પાસાઓ પર ટેકો અને માર્ગદર્શન આપવા માટે સ્વભૂમિ : મહિલા અને જમીન માલિકી અને મહિલા કિસાન માર્ગદર્શન કેન્દ્ર તાલુકા સ્તરે શરૂ કરવામાં આવ્યા. આ કેન્દ્ર પરથી પેરાલિગલ કાર્યકરો દ્વારા ખાતેદાર મહિલાઓને કૃષિલક્ષી યોજનાઓની માહિતી આપવી, યોજનાઓ માટે ફોર્મ ભરી આપવા, આત્મા કાર્યક્રમ હેઠળ તેમને જૂથમાં જોડવા, કૃષિલક્ષી તાલીમોમાં તેમને જોડવા જેવી સેવાઓ આપવા માટે પ્રયાસ કરવામાં આવ્યો.

## મહિલા કિસાન ઝુંબેશના હેતું, પૂર્વાયોજન અને પૂર્વતૈયારી

- મહિલાઓની"ખેડૂત" તરીકે ઓળખ થાય,
- કૃષિ યોજનાઓની માહિતી મળે
- કૃષિ સંબંધિત યોજનાઓ સાથે જોડાણ થાય,
- જે મહિલાઓએ યોજનાનો લાભ લેવાનો પ્રયાસ કર્યો હોય તેઓના અનુભવ જાણવા માટે – સ્વભૂમિ કેન્દ્ર દ્વારા મહિલા કિસાન ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું.

દરેક સ્વભૂમિ કેન્દ્ર પરથી ૧ માસ દરમ્યાન ૭ ગામમાં આયોજન કરવામાં આવ્યું. ઝુંબેશની પૂર્વતૈયારીરૂપે મહિલાઓ અને પુરૂષો સાથે અમુક નિશ્ચિત પ્રક્રિયાઓ કરવા માટે સેક્રેટરીએટ તરફથી એક મીટીગનું આયોજન કરવામાં આવ્યું. આ મીટીગમાં અમુક સંસ્થાઓના અનુભવી કાર્યકરોએ એક દિવસ દરમ્યાન અસરકારક કઈ પ્રક્રિયાઓ કરવી તે વિચારવામાં આવ્યું. આ વિચારણાને અંતે ઝુંબેશ માટે અસરકારક માધ્યમ વિચારવામાં આવ્યા. આ માધ્યમો તૈયાર કરવામાં આવ્યા તેમજ તેને કેવી રીતે ઝુંબેશ દરમ્યાન ઉપયોગ કરવો તે માટે એક માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી.

આ ઝુંબેશમાં પુરૂષો સાથે જો અલગથી સંવાદો કરવામાં આવે તો મહિલાઓની જમીન માલિકીની અગત્યતા તેમને સમજાય અને તેઓ હયાતિમાં મહિલાના નામે જમીન કરાવનું વિચારે એ માટે ગામમાં વાતાવરણ બનાવવાની એક રણનીતિ તરીકે ભાઈઓ સાથે પ્રક્રિયા કરવાનું વિચાર્યુ હતું

**સ્વભૂમિ કેન્દ્રો પરથી પૂર્વતૈયારી :**

દરેક સ્વભૂમિ પરથી પેરાલિગલ કાર્યકરોએ ઝુંબેશ કરતાં પહેલાં ખેતીલક્ષી યોજનાની માહિતી મેળવવી, સંબંધિત સરકારી વિભાગોમાં આમંત્રણ આપવું, ગામમાં મહિલા ખેડૂત ખાતેદારો/ભાગીદારો કોણ છે તેની માહિતી મેળવવી, તેમને ઝુંબેશમાં ભાગ લેવા આમંત્રિત કરવા, ગામમાં પંચાયત, આંગણવાડી કાર્યકર, આશાવર્કરને મળીને ઝુંબેશ માટે આમંત્રિત કરવા, ઝુંબેશનો પ્રચાર –પ્રસાર કરવો તે કામગીરી કરી. અને લોકોને યોગ્ય સમય અને સ્થળ નકકી કર્યા.

## ૪.૨ મહિલાઓ સાથે પ્રક્રિયા :

### ૧. ખેતીમાં કયા કામ કોણ કરે છે?તે ઓળખવું :





મહિલા કિસાન ઝુંબેશ દરમ્યાન ખેતીમાં કયા કામ કોણ કરે છે ? તે પ્રક્રિયાની એક ઝાંખી... મીટીગ

ખેતીના કયા કામ કોણ કરે છે ? : આ પ્રક્રિયામાં ખેતીના કામના ચિત્ર કાર્ડ જોઈને કયા કામ કોણ કરે છે ? મહિલા કે પુરૂષ? તે મુજબ કાર્ડ લઈને મહિલા અને પુરૂષ એમ કોઈ એક લાઈનમાં સહભાગીઓએ ઉભા રહેવાનું હતું. આ પ્રક્રિયાના અંતે કોણ વધારે કામ કરે છે છતાં ખેડૂત તરીકેની કોની ઓળખ છે ? ખેતીમાં નિર્ણય કોણ લે છે ? જો મહિલાઓ ખેતીમાં કામ વધારે કરતી હોય તો તે ખેડૂત કેમ નહી ? તેની ચર્ચા કરવામાં આવી.

**અસર :** આ પ્રક્રિયાના કારણે મહિલાઓ ખેતીમાં ઘણું કામ કરે છે તો તેની ઓળખ હોવી જોઈએ, તેમના નામે જમીન પણ હોવી જોઈએ તેની સ્વીકૃતિ વધી. કેટલીક મહિલાઓએ પોતે હવે જમીનમાં ભાગ લેશે અને પોતાને ખેડૂત તરીકે ગણશે તે મુજબના પ્રતિભાવ આપ્યા હતા.

## ૨. મહિલા કિસાન – મારી ઓળખ



ખેડૂતની ઓળખ માટે કયા કયા દસ્તાવેજો/કાર્ડ છે ? કૃષિ યોજનાનો લાભ મેળવવા માટે કયા પુરાવા જોઈએ તેની માહિતી આપવા માટે ચિત્રોવાળું બેનર તૈયાર કરવામાં આવ્યું હતું. આ માહિતી ખેડૂત મહિલાઓને આપવામાં આવી. કયા કાર્ડનું શું મહત્વ છે, યોજનાઓના લાભ મેળવવા માટે કયા પુરાવા જોઈએ તે માહિતી પ્રથમવાર મહિલા ખેડૂતોએ મેળવી. બહુજ

મહિલા કિસાન ઝુંબેશ દરમ્યાન 'મહિલા કિસાન મારી ઓળખ ' બેનર પર સંવાદ કરતી મહિલાઓ...

ઓછા મહિલાઓને ૭/૧૨, હકક પત્રક ૬ ,૮અ– જમીનના દસ્તાવેજની માહિતી હતી. સોઈલ કાર્ડ, હેલ્થ કાર્ડ, અકસ્માત વીમા યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ જેવા કાર્ડની માહિતી બહુ જ ઓછી મહિલા ખેડૂતોને હતી. બધાં કાર્ડ વિશે તો ભાઈઓને પણ માહિતી ન હતી.

**અસર** : આ પ્રક્રિયાના કારણે મહિલા ખેડૂતોને જમીનના કયા દસ્તાવેજો હોય, ખેડૂત તરીકેની ઓળખ માટે કયા કાર્ડ હોય તેની પ્રથમ વખત માહિતી મળી. જો જમીનમાં નામ હોય તો મહિલાઓ તેમના નામે સબસીડીવાળી યોજનાઓનો લાભ મેળવી શકે. વારસાઈ થાય પછી ખાતાફોડ જરૂરી છે તો જ વ્યકિતગત રીતે ખેતીની યોજનાઓ મેળવી શકે આ બાબતોની માહિતી મળી છે.

## ૩. ખેડૂત યોજનાના લાભાર્થી / ઉપભોકતા મહિલાઓના અનુભવની રજૂઆત

આ સેશનમાં હાજર રહેલ મહિલાઓએ ખેડૂત તરીકે કઈ યોજનાનો લાભ મેળવ્યો છે તેમાં તેમના અનુભવ કેવા રહયા છે તેની રજૂઆત મહિલા ખેડૂત કરે અને તે પછી ખેતી સંબંધિત૬યોજનાઓ કઈ છે તે માટે કયા વિભાગમાં અરજી કરવાની તે બાબતની માહિતી આપવામાં આવી હતી.



કૃષિ યોજના મેળવવા માટેના અનુભવની રજૂઆત કરતા એક મહિલા ખેડૂત

**અસર** : આ માહિતી બહુ ઓછી મહિલાઓને હતી. યોજનાઓ ગરીબોને નથી મળતી. ગામમાં અમુક જ લોકોને મળે છે. યોજના હેઠળના લાભાર્થી કયારે કોણ નકકી કરે છે તે લોકોને ખબર નથી. ઘણી જગ્યાએ ગ્રામસેવકને લોકો ઓળખતા જ નથી એવા પ્રતિભાવ જોવા મળ્યા છે. આ સેશનના અંતે, માહિતી મળવાના કારણે મહિલાઓ યોજનાઓનો લાભ લેવા તૈયાર થયા છે.

## ૪. મહિલા કિસાનની સ્વીકૃતિ :

આ સેશનમાં , અમે માનીએ છીએ કે,

- મહિલાઓ કિસાન છે.
- મહિલાઓ જમીનમાં વારસદાર નહી પણ ભાગીદાર છે.
- મહિલાઓ યોજનાઓનો લાભ મેળવવા હકકદાર છે. – તેવું બેનર તૈયાર કરવામાં આવ્યું હતું.

આ ઝુંબેશ અંતર્ગત થયેલ પ્રક્રિયાના અંતે, જે મહિલાઓ ઉપરોકત બાબતથી સહમત હોય તે મહિલાઓ તે બેનરની નીચે પોતાની સંમતિ આપતા સહી/ સિકકા કરવાના હતા





મહિલાઓ સાથે સંવાદ પછી,' પોતે ખેડૂત છે, જમીનમાં ભાગીદાર છે' તેની સ્વીકૃતિ આપતા દ્રશ્યો.

**અસર** : મોટાભાગે દરેક જગ્યાએ ઝુંબેશમાં હાજર રહેલી મહિલાઓએ સંમતિ આપતા સહી /સિકકા કર્યા હતા. કેટલીક જગ્યાઓએ મહિલાઓને સહી આપવાથી જમીન જતી રહેશે તેવો ડર હતો તેના કારણે સહી કરતા ન હતા તેવા અનુભવ પણ થયા.

## ૪.૩ પુરૂષો સાથે પ્રક્રિયા :

શરૂઆતમાં પુરૂષો – મહિલાઓને ચઢાવો છો, ઘરભંગાવો છો, મહિલાઓ પછી જમીન લઈને જતી રહે તો શું કરવું? જેવી પ્રતિક્રિયાઓ આપતા હતાં.

### ૧. ખેતીમાં કયા કામ કોણ કરે છે ? તે ઓળખવું :

ખેતીમાં કામ કોણ કરે છે ? આ પ્રક્રિયા ભાઈઓ સાથે કરવામાં આવી ત્યારે મહિલાઓના કામ જોયા પછી તેઓએ પણ –મહિલાઓ ખેતીમાં કામ વધારે કરે છે – તેમ કહયું. આ ઉપરથી, જો કામ મહિલાઓ કરે છે તો ઓળખ કેમ નહી ? તે વિશે પુરૂષો સાથે સંવાદ કરવામાં આવ્યા. પત્ની વિધવા થયા પછી વારસાઈ દવારા હકક મેળવવામાં થતી મુશ્કેલી, સગા સંબંધીઓ તરફથી થતી હેરાનગતિ, જો એક સરખા નામે હોય તો જમીન વેચાઈ જવાના સંજોગો જેવા અનુભવો ( જે પેરાલિગલોએ તેમના કામ દરમ્યાન અનુભવ્યા હતાં, જેમાં ઘણી જહેમત પછી મહિલાને તેનો હકક અપાવવામાં સફળતા મળી હતી ) તેવા કિસ્સાઓની વાત કરી.





મહિલા કિસાન ઝુંબેશ દરમ્યાન ખેતીમાં કયા કામ કોણ કરે છે ? તે પ્રક્રિયાની એક ઝાંખી...

**અસર : આ ચર્ચાના અંતે , ભાઈઓએ મહિલાઓના નામ જમીનમાં હોવા જોઈએ તેવો પ્રતિભાવ આપ્યો હતો. અમુક ભાઈઓ સંયુકત નામે જમીન કરાવવા તૈયાર થયા હતાં. કેટલાંક પુરૂષો તરફથી મહિલાઓના નામે જમીન કરવાનો ડર, સામાજિક પરંપરાથી અલગ કરવાનું અજુગતું હોય તેમ તેમના પ્રતિભાવો આવ્યાહતાં. આમ છતાં, જમીનમાં સંયુકત નામ દાખલ કરવા ૯૦ પુરૂષોએ તૈયારી દર્શાવી હતી.**

## ૨. મહિલા કિસાન – મારી ઓળખ

ખેડૂત તરીકેની ઓળખ માટે કયા કયા કાર્ડ હોવા જોઈએ ? તે બધા કાર્ડ વિશે પુરૂષોને જાણ ન હતી.સોઈલ કાર્ડ વિશે મોટાભાગે કોઈ પુરૂષોને જાણ ન હતી. કિસાન ક્રેડિટ કાર્ડ બહુ જ ઓછા લોકો પાસે હતાં, સરકારી યોજનાઓ વિશે માહિતી હતી પણ કયા વિભાગમાં મળે, કયારે ફોર્મ ભરવા તેના વિશે માહિતી ઓછા પુરૂષોને જોવા મળી.

**અસર : આ કાર્ડ વિશે માહિતી મેળવવાનું પુરૂષોને ગમ્યું.**

## ૩. ખેડૂત યોજનાના લાભાર્થી / ઉપભોકતા મહિલાઓના અનુભવની રજૂઆત

આ સેશનમાં કઈ કઈ યોજનાઓ છે તેની માહિતી ભાઈઓને હતી પણ યોજનાનો લાભ બહુ ઓછા લોકોને મળે છે.આ બાબતે હાજર રહેલા ભાઈઓનું કહેવું હતું કે, યોજનાનો લાભ મેળવવા માટે પ્રક્રિયાઓ, દસ્તાવેજો પૂરા પાડવામાં સમય જાય છે. એક પછી એક સરકાર દવારા પૂર્તિ કરવાનું કહેવામાં આવે એ પૂર્તિ કરવા માટે ગામથી તાલુકા ધકકા ખાવા પડે અને સમય અને નાણાંનો ખર્ચ થાય એટલે, યોજનાનો લાભ લેવાનું છોડી દે.

શરૂઆતમાં –

અમારા નામે હોય અને બહેનોના નામે ના હોય તેથી શું ફરક પડે ?

મહિલાઓને જમીન આપવાની કયાં જરૂર છે ? સહિયારી જ છે.

સરકાર યોજનાઓ તો ઘડે છે પણ લોકો સુધી પહોંચતી નથી.

પ્રક્રિયા પૂર્ણ થતાં –

કિસ્સાઓ સંભળાવતા હતા ત્યારે ભાઈઓને લાગ્યું કે, ખરેખર બહેનોના નામ હોવા જોઈએ પણ મહિલાના નામે જમીન હોવી જોઈએ તેમ કહેતા ખચકાટ અનુભવતા હતા.

## ૪. મહિલા કિસાનની સ્વીકૃતિ :

મહિલાઓ સાથે જે પ્રક્રિયા કરવામાં આવી હતી તેમ અહીયા પણ પુરૂષોને આ ઝુંબેશની પ્રક્રિયા પછી જો તેઓ સંમત થતા હોય તો તેમણેસહી સિકકા કરવાના હતા.





આ પ્રક્રિયામાં ભાઈઓ સાથે બે પ્રકારના અનુભવ થયા છે. કેટલાંક લોકો સ્વીકૃતિ  હોવા છતાં તે દર્શાવવામાં ખચકાટ અનુભવતા હતાં તેવા ભાઈઓએ સહી કરી ન હતી. અમુક ભાઈઓએ સ્વીકૃતિની સહી કરી હતી બહેનો ખેતીમાં ભાઈઓ કરતાં વધારે કામ કરે છે તે માનતા થયા  પણ.....જમીન નામે કરવા માટે એમના મનમાં ખચકાટ જોવા મળ્યો.જયારે અમુક ભાઈઓએ પોતાની જમીનમાં પત્નીને ભાગીદાર બનાવશે તેવી સમજ સાથે સ્વીકૃતિ  આપી હતી.

**આ ઝુંબેશ ૧૨ જિલ્લાના ૧૫ તાલુકાના ૧૦૮ ગામમાં ૨૬૪૫ મહિલાઓ અને ૧૭૧૫ પુરૂષો સાથે કરવામાં આવી.**

## એનેક્ષર – ૩

## મહિલાઓની જમીન માલિકી માટે સહભાગી સંસ્થાઓ અને  સ્વભૂમિ દ્વારા થયેલા વિવિધ પ્રયાસો

સ્વભૂમિ કેન્દ્ર પર નેટવર્કના સેક્રેટેરીએટ તરફથી અમુક સામૂહિક પ્રવૃતિઓનું આયોજન થાય છે, હેતુસિધ્ધિ અર્થે પેરાલિગલ કાર્યકરોએ ગામમાં જઈને પ્રક્રિયા ચાલતી હોય તેનું ફોલોઅપ કરવું, ગામોમાં જાગૃતિ વધારવી, સરકારના વિવિધ વિભાગો સાથે સંકલન કરવુ જેવી નિયમીત પ્રવૃત્તિઓ કરે છે. આ ઉપરાંત, વિસ્નારના સંગઠનો  અને સભ્ય સંસ્થાઓ સાથે રહીને વિસ્તારના જમીન સંબંધિત પ્રશ્નો  કે જેની મહિલાઓના આજીવિકા પર ખાસ કરીને અસર પડવાની છે એ પ્રશ્નો / સમસ્યા પર  રણનીતિ નક્કી કરીને કામ કરી શકે તે પણ અપેક્ષિત છે. અહીયા કેટલીક સભ્ય સંસ્થાઓ અને સંગઠનોએ પોતાના કાર્યવિસ્તારમાં ચાલતા અન્ય પ્રશ્નો સાથે મહિલા અને જમીન માલિકીને જોડવાના પ્રયાસો કર્યા છે. તેના અનુભવ અહી રજૂ કર્યા છે.

### દક્ષિણગુજરાત વિકાસ સંસ્થાનો અનુભવ :

**સરકારી વારસાઈ ઝુંબેશ દરમ્યાન લોકોની વિશ્વાસ જીત્યો અને આદર્શ ગ્રામસભાનું નિદર્શન પણ કર્યુ !**

સરકારી વારસાઈના સમયગાળા દરમ્યાન સંસ્થાની ઓફિસે ખૂબ જ માણસો તે સમયે આવતા હતા. સવારના ૯ વાગ્યાથી લોકો આવી જાય. સંસ્થા પર અમે પાંચ માણસો સતત કામ કરતા હતા. એક વ્યકિત કોમ્પ્યુટર પર સોગંદનામું ટાઈપ કરે, બે વ્યકિતઓ પ્રાથમીક માહિતી લે, એક વ્યકિત પેઢીનામું તૈયાર કરે, એક વ્યકિત મામલતદાર ઓફિસમાં સોગંદનામા પર સહી કરાવવા જાય. આ રીતે વ્યવસ્થા ગોઠવી હતી. આ વારસાઈ દરમ્યાન માર્કેટ યાર્ડના પ્રમુખ જેઓ ૧૫ વર્ષથી પ્રમુખ છે તેમણે પણ આ કેન્દ્રની મદદથી વારસાઈ કરાવી ૪૦ વર્ષથી વારસાઈ બાકી હતી.

કેળકૂઈ ગામના લોકો કહેતા કે આપણું જ હોય તેમાં વારસાઈ કરાવવાની જરૂર નથી. આ માન્યતાના કારણે ૧૯૬૦ના સાલથી વારસાઈ કરાવવાની બાકી હતી. ગામના આગેવાનો શિક્ષિત, વકિલો દરેકની આ માન્યતા હતી. ગામમાં જઈને ફળિયે ફળિયે મીટીગ કરી. ત્રણ થી ચાર વખત ગામમાં ગયા, પંચાયત પર મીટીગ કરી. વારસાઈ શા માટે જરૂરી છે તેની વાત કરી, આઈ કિસાન તરીકે રજિસ્ટ્રેશનનું મહત્વ સમજાવ્યું, ૭/૧૨માં નામ હોય તો સરકારના લાભ મળે તે સમજાવ્યું. આ પછી ગામના લોકો વારસાઈ કરાવવા તૈયાર થયા.

**આદર્શ ગ્રામસભાનું નિદર્શન :**

વારસાઈ માટે ટેકો મેળવવા આવનાર લોકોને પેરાલિગલ પૂછતા કે, 'ગ્રામસભામાં જાવ છો ?' તો તેઓ કહેતા કે, 'ગ્રામસભા જ થતી નથી.' વારસાઈ પછી ત્રણ માસના સમયગાળામાં હમણાં ગ્રામસભા થઈ તો સામે થી લોકો કહેવા આવ્યા કે, 'જો તમે ગામમાં આવો તો બધાં લોકો આવશે.' બેડચિત અને ગડત – બે ગામમાં જાતે જઈને ગ્રામસભા કરાવડાવી.

બધાં પદાધિકારીઓને નીચે બેસાડયા. લોકો કહેતા હતાં કે , **'પ્રથમ વખત આવી ગ્રામસભા થઈ. તમે આવ્યા તો બધાં આવ્યા!'** ગ્રામસભા કરતાં પહેલાં વોર્ડ પ્રમાણે ફરી ફરીને લોકોની માંગણીઓ લીધી. લોકોની સહી કરાવી, ગ્રામસભામાં બધાંને બોલાવ્યા. લોકોને ગ્રામસભાનું મહત્વ સમજાવ્યું. લોકોની સત્તા શું છે તે સમજાયું છે. લોકો કહેતા હતા કે, "આ તો સારૂં થયું કે, મહિલા સ્વભૂમિ કેન્દ્ર દવારા અમારૂં ગામ પસંદ થયું તો વારસાઈ થઈ શકી".

વ્યારા તાલુકામાં જમીનધારકોના મૃત્યુ પ્રમાણપત્ર ન હતું તેવા કિસ્સામાં સોગંદનામું કરાવીને વારસાઈ કરવા માટે મામલતદારશ્રી તરફથી પહેલ થઈ જયારે મહુવા તાલુકામાં નિયમાનુસાર કોર્ટનો હુકમ મેળવીને વારસાઈ કરવા જણાવ્યું. અહીંથી મામલતદારશ્રીને ફોન કરીને સોગંદનામાથી વારસાઈ કરવા વિનંતી કરી. તરત તો મામલતદારે જવાબ ના આપ્યો પણ પછી તેમણે સામેથી ફોન કરીને મળવા આવવા જણાવ્યું. પોઈન્ટ પર્સન તરીકે કામ કરતા અને સંસ્થાના સંચાલક સુરેશભાઈનું કહેવું હતું કે, સંસ્થાની ઓળખથી આ શકય બન્યું છે. સંસ્થા જે કિસ્સાને ટેકો આપશે તેમાં સત્ય હશે તે પેરાલિગલ અને સ્વભૂમિ કેન્દ્રએ સ્થાપિત કર્યુ છે.

## ઉજાસ મહિલા સંગઠન – મુન્દ્રા તાલુકાના પ્રયાસો

મરીયમ બહેન કાસમભાઈ રતાડિયા ગામમાં ત્યકતા મહિલા તેમના પિયરમાં રહે છે. ઉજાસ સંગઠન સાથે જોડાયા છે. પશુપાલન વ્યવસાયને આગળ વધારવા માટે વાડા રેગ્યુલર કરવાના સરકારની જાહેરાતના સમયમાં તેમની અરજી કરવાની હતી. પંચાયતમાં તલાટી પાસે જઈને તેમણે વાત કરી તો તલાટીએ ૫૦૦૦૦રૂા. માંગ્યા અને કહયું, "જો આમ તમે બધી પ્રકિંયા કરવા જશો તો ૧૨ મહિના નીકળી જશે" મરીયમ બહેને સંગઠનમાં વાત કરી. મરીયમ બહેન સાથે, સંગઠનના બહેન, પેરાલિગલ કાર્યકર અને પોઈન્ટ પર્સન પંચાયતમાં મળવા ગયા. પંચાયત બોડીમાં ઠરાવ કર્યો અને આગળની પ્રક્રિયા કરી. આના અનુસંધાને તેમની અરજી મંજુર થઈ ગઈ એટલે તેમની મંજુરીની ચોપડી (લાલબુક) બની. તલાટીએ ટીકુબહેનને કહયું કે, "ઘરે આવીને ચોપડી લઈ જજો". તલાટીના ઘરે પાછા બધાં સાથે ગયા અને પ્લોટ મંજુરીની ચોપડી માંગી. તલાટીએ કહયું કે, "અત્યારે મને ખબર નથી તપાસ કરીને કહીશ". તે પછી તલાટીએ મરીયમ બહેનને ફોન કરીને કહયું કે, "તમે એકલા કેમ ના આવ્યા એમને શું કામ લઈ આવ્યા ?" તલાટી મરીયમ બહેન એકલા ગયા હોત તો તેમને મદદ કરવા સામે કાંઈક બદલો માંગી શકતા પરંતુ સંસ્થાના કાર્યકરો હતાં એટલે કાંઈ બોલી શકયા નહીં આ પછી સંસ્થાએ વિચાર્યુ કે, જો ચોપડી બની ગઈ હોય તો તેમણે આપવી પડશે જ એટલે થોડો સમય કાંઈ જ આગળ ના કરતા, રાહ જોવાનું નકકી કર્યુ. અંતે, મરીયમ બહેનના ઘરે પોસ્ટથી મંજુરીની બુક આવી .

## કૃષિ પ્રોડયુસર કંપની સાથે મહિલાઓનું જોડાણ : (મહિલા ખેડૂત ઓળખના સંદર્ભમાં પ્રયાસ)

મુંદ્રા સંગઠનના કોઓર્ડીનેટર સાથે વાતચીત દરમ્યાન તેમના શબ્દો....

**પ્રોડયુસર કંપનીના સભ્ય પદ મેળવવા માટે ૧ કુટુંબે ઓછામાં ઓછા ૨ શેર એક મહિલા અને એક પુરૂષનો મેળવે તો જ સભ્ય પદ મળે તે શરત છે.કંપનીના ડિરેકટર પદે મહિલા ખેડૂતની વરણી કરવામાં આવી છે.** જો યોજનાનો લાભ લેવો હોય તો પત્નીનું નામ સંયુકતમાં નંખાવો તે ભારપૂર્વક કહીએ છીએ. અત્યાર સુધી ૭૨ કિસ્સામાં પતિ–પત્નીનું સંયુકત નામ દાખલ થયું છે

આ કંપનીમાં નીચેની યોજનાઓ માટે પહેલ કરવાની યોજના છે જેમાં –

- સરકારની સબસીડી વાળી ડ્રીપ ઈરીગેશન માટેની યોજનામાં ભાગીદાર/ખાતેદાર મહિલાઓ હોય તેને ૧ ટકા સબસીડી વધારે આપવી
- તાડપત્રી, વર્મી કમ્પોસ્ટ યોજના માં ભાગીદાર/ ખાતેદાર મહિલા હોય તેને જોડવા
- એરંડા,ઘઉં માટે બિયારણ માં મહિલા ખેડૂતોને પ્રાથમીકતા આપવી.

### સામાજીક સુરક્ષા યોજના સાથે જોડાણ :

સામાજિક સુરક્ષા યોજનાને પંચાયત સાથે જોડયું છે. પંચાયતના સભ્યો સ્વભૂમિ કેન્દ્ર પર ફોન કરે તેના આધારે ગામમાં ૧ દિવસ તમામ યોજનાના ફોર્મ ગામસ્તરે લઈ જઈ ઝુંબેશ કરવી. તે જ

દિવસે એક જ ગામમાંથી બધી યોજનાના ફોર્મ ભરાય તે વ્યવસ્થા ગોઠવી છે. આ ફોર્મ બીજા દિવસે જે –તે વિભાગને મોકલી આપવામાં આવે છે. આના કારણે વારંવાર મહિલાઓને ગામ બહાર નીકળવું પડતું નથી, એક જ સમયે લાગુ પડતી તમામ યોજનાઓમાં તે બહેન ફોર્મ ભરી શકે છે, સ્વભૂમિ કેન્દ્ર અને સંગઠનના કર્મચારીઓનો સમય પણ બગડતો નથી.

પંચાયતના કાર્યક્રમનો સ્ટાફ ગ્રામસભામાં જાય છે. મહિલા ગ્રામસભાના ઠરાવો સામાન્ય ગ્રામસભામાં લેવા માટે સૂચન કરે છે. છેલ્લી ગ્રામસભા સમયે વાંકી ગામમાં મૃત્યુની યાદી જાહેર કરવામાં આવી. થયેલ વારસાઈ અને દાખલ થયેલ વારસદારોના નામ ગ્રામસભામાં વાંચવામાં આવ્યા છે. આવી રીતે ૭ થી ૮ ગામમાં અમલીકરણ થયું છે.

**સંગઠન દ્વારા જાહેર જમીનના અધિકાર પ્રાપ્તિ માટે થયેલા પ્રયાસ**

દરીયા કિનારાની જમીનો કોસ્ટલ સેટલમેન્ટ કંપનીને ફાળવી દેવામાં આવી છે. આના ઉપર પર ૭ જેટલી જાહેરહિતની અરજી કરવામાં આવી છે. સરકારનો જ નિયમ છે કે, ગામમાં ૧૦૦ પશુઓ સામે ૪૦ એકર જમીન ગૌચર માટે ફાળવવી. આ જમીન કંપનીઓને ફાળવી આપવામાં આવી છે. સરકારનો બીજો નિયમ છે કે, સરકાર જે જમીન ફાળવે જો તે ત્રણ વર્ષમાં ઉપયોગમાં ના લેવાય તો તે જમીન પરત લઈ લેવામાં આવે. આ જમીનો કંપનીને ફાળવી દીધા પછી ૨૦૧૨ની સાલમાં ચૂંટણી સમયે કલેકટરના આદેશથી ૧૭ ગામમાં પશુની સરખામણીમાં ગૌચર જમીન ફાળવી આપવાના ઓર્ડર મુજબ કલેકટરે જમીનો કાગળ ઉપર ફાળવી દીધી છે. ખરેખર ગામમાં એટલી જમીન છે જ નહીં. ૨૦૧૪ ના સાલમાં આ આદેશ પર કોર્ટમાં અપીલ કરવામાં આવી છે જેમાં સ્થળ પર યોગ્ય ચકાસણી કરી જમીન ફાળવવા માંગણી કરી છે.

પાકિસ્તાનથી સ્થળાંતર કરીને સોઢા લોકો અહી આવીને વસ્યા છે. સરકારે ત્રાગપર ગામ વસાવ્યું છે. સરકારના આદેશ મુજબ સ્થળાંતરીત લોકો જમીન પર ખેડાણ કરે છે. ઓર્ડરમાં દર્શાવેલ પ્રમાણ કરતા કલેકટરના આદેશ મુજબ જમીન ઓછી ફાળવવામાં આવી છે. આમાંથી ૬૦ ખાતેદારો જે હાલ ખેડે છે. સરકારી આદેશ છે આમ છતાં, આ જમીન શ્રી સરકાર બોલે છે. તાજેતરમાં જમીન માપણી સમયે ત્યાં રહેતા લોકોને જમીન શ્રી સરકાર થઈ ગઈ તેની જાણ થઈ. આ જમીનને રેગ્યુલરાઈઝ કરાવવા ઉજાસ સંગઠન દ્વારા પ્રયાસ થઈ રહયા છે. તેમના કાચા ભૂંગા પર ગામમાં આગ લાગી હતી. લગભગ તમામ ઘર બળી ગયા. જેમની પાસે પુરાવા છે તેમને કલેકટરના આદેશ પરથી જમીન નામે ચઢાવવાનો પ્રયાસ કર્યો છે. બધાં ઘર માટે પુરાવા નથી. જેઓના પુરાવા નથી તેઓના માટે સંગઠન દ્વારા કલેકટરશ્રીને લેખિતમાં રજૂઆત કરી છે.

બાયોડાયવર્સીટી એકટ મુજબ બાયોડાયવર્સીટી મેનેજમેન્ટ કમીટી અને રજિસ્ટર બને તેવી કાયદાકીય જોગવાઈના અમલીકરણ કરવાનો સંગઠન પ્રયાસ કરી રહી છે. એકટના અમલીકરણ અર્થે ૨૬ ગામમાં આ વર્ષે પ્રપોઝલ મૂકી છે.તેવી જ રીતે નવીનાર કુદરતી સંશાધનનો વિસ્તાર છે. તે ઢૂવા અદાણી કું ને આપીને ત્યાં શીપ બ્રેકીગ યાર્ડ બનાવવાનું આયોજન છે. રેતીના ઢૂવા, કચ્છની ફિશ જેવી ઘણી જૈવવિવિધતાવાળા વિસ્તાર તરીકે ઓળખાય છે. જૈવવિવિધતાના રક્ષણના કાયદાના અમલીકરણ હેઠળ સરકાર આ સ્થળને ધરોહર તરીકે જાહેર કરે તે માટે

ફીશીગ સેટલમેન્ટ હેઠળ લુણીથી ભદ્રેશ્વર  ઈકો સેન્સેટીવ  વિસ્તાર જાહેર કરે તે માટે પર્યાવરણ વિભાગ , ગાંધીનગરને અરજી કરવાનું આયોજન હેઠળ છે.

**વાડા રેગ્યુલરાઈઝ માટે મહિલાઓને ટેકો :**

ગામમાં જે લોકો પશુપાલન વ્યવસાય કરે છે તેઓ ઘરની બાજુમાં ખુલ્લી જગ્યામાં પશુઓ બાંધે છે તે જમીનને સરકારના પરીપત્ર મુજબ ૨૭૦ જેટલી વાડા રેગ્યુલરાઈઝ માટે અરજી કરી છે જેમાં પ્લોટ મહિલાઓના નામે થાય તે જણાવ્યું છે. આ કામમાં  પંચાયતની ભૂમિકા મહત્વની છે. આ માટે પંચાયતની સાથે સંવાદો કરવામાં આવ્યા છે જેથી પંચાયત મહિલાના નામે આ પ્લોટ થાય તે માટે સક્રિય થાય.

**જમીન ગેરકાયદેસર વેચાઈ જવાની સામે પોલિસ સ્ટેશને ઘરણાં...**

વડાલા ગામમા એક બહેનની જમીન પતિ–પત્નીના સંયુકત નામે છે. આ જમીન બારોબાર કંપનીને વેચાઈ ગઈ છે. તેમને જયારે આ બાબત ખ્યાલ આવ્યો કે તરત જ  પોલિસને ફરીયાદ નોંધાવવા ગયા. પોલિસે અરજી લીધી પણ ફરિયાદ નોંધી નહીં. આ સામે બહેન ઘરણાં કરવા વિચારે છે. બહેને તે માટે  સરકારની પરવાનગી લીધી છે.  આ મહિલાએ સંગઠનનો ટેકો મેળવવા માંગણી કરી છે.  સંગઠન પાસે આ અગાઉ ૩૭ કિસ્સાઓ આવ્યા છે. આ બહેનો વંચિત સમુદાયના છે. આ માટે ૮ માર્ચ દિવસ સૂચક રીતે પસંદ કર્યો છે. આ બહેનો વિધવા થયા પછી બીજા કોઈના નામે જમીન થઈ ગઈ છે જેમાં કોળી અને મુસલમાન પરીવારોના નામ બોલે છે. ૩૭ માંથી ૧૭ કેસમાં સાંથણીની જમીન છે તો તે કેવી રીતે વેચી શકાય ? આ માટે સપષ્ટતાઓ થાય અને પોલિસ ફરીયાદ નોંધે તે માટે  સંગઠન આ બહેનોને ટેકો આપવા માટે ઘરણામાં જોડાવાના છે, સાથે ૭ થી ૮ એડવોકેટ પણ જોડાવાના છે.

**દૂધ સહકારી મંડળી  :   ૮ મહિલા કો ઓપરેટીવ** રજિસ્ટર કરાવી છે. આ કો ઓપરેટીવની નિર્ણાયક બોડીમાં પણ બહેનો જ છે .

**APMC ના પ્રથમ મહિલા સદસ્ય :**  ખરીદ–વેચાણ સંઘના સામાન્ય સભાના પ્રથમ મહિલા સભ્ય, પ્રોડયુસર કું ના પ્રમુખ રામબા સોઢા છે. તેઓ દિકરી તરીકે ખેડૂત ખાતેદાર છે.  આ પ્રયાસ અલગ અલગ માળખામાં મહિલાઓ જાય અને મહિલા કિસાન તરીકેનું પ્રતિનિધિત્વ ઉભરે તે આશયથી કર્યુ  છે.

**આત્મા ફાર્મીંગ સ્કૂલ :**  આ માળખામાં પણ મહિલા પ્રતિનિધિઓ આવે તે વિચારથી બહેનોના એક ગ્રુપને મળે તે માટે પ્રપોઝલ  મૂકી છે જેમાં ૧ કેટલફીડ સેન્ટર, ૬ ફાર્મ સ્કૂલ છે. ૩૮ જૂથોનું આત્મા પ્રોજેકટ સાથે જોડાણ કર્યુ છે.

ખેતીવાડી ખાતામાંથી એક જૂથને ટુલ્સ કીટ સાથે જોડવાનો પ્રયાર ચાલે છે. ૧ બહેનને ટ્રેકટરની યોજના સાથે જોડવાનું છે આ ટુલ્સ કીટ પ્રાડયુસર કંપની સાથે જોડાઈને આજીવિકા કાર્યક્રમ સાથે જોડાશે.

**ઉજાસ સંગઠનના વિવિધ પ્રયાસો મહિલાઓને કિસાન તરીકે ઓળખ આપવા માટે વિવિધ રણનીતિનો ઉપયોગ કરીને એક બીજા માળખા સાથે જોડાણ કર્યુ છે તે દર્શાવે છે.**

## મહિલાઓ સાથે થતી હિંસા ઘટાડવા મહિલાઓને સંપત્તિના અધિકાર અપાવવાની રણનીતિ :

### સ્વાતિ રાધનપુર

વાલુબહેન : ૪૫ વર્ષ વિધવા મહિલા છે. ૨ છોકરા પોતાના છે. ૩ છોકરા આગલા ઘરના છે. બહેનને છોકરાઓ રાખતા નથી. જમીન પર વારસાઈ થઈ છે તેમાં બહેનનું નામ છે. આ કેસ ન્યાય સમિતિમાં આવ્યો ઘરેલું હિંસા અધિનિયમ હેઠળ કેસ દાખલ કર્યો. છોકરાઓ પાસેથી ખોરાકી અને જમીનનો કબજો માંગ્યો.

મકાન વાલુબહેનના પતિએ, પત્નિ ના નામે કરાવ્યું હતું. આ બધાં પુરાવાઓ જોડયા બેંકની એફ.ડી. જોડી. દાવો કર્યો. ૫ મુદતો પડી. કોર્ટે હુકમ કર્યો. ૩૫૦૦૦ની ચડત ખોરાકી મંજુર કરી તાત્કાલીક ચૂકવવાનો હુકમ કર્યો. **જમીન પર બહેનને કબજો ના આપે ત્યાં સુધી તે જમીન પર કોઈ જ પ્રકારનું કાંઈ કામ ના કરી શકે તેવો સ્ટે આપ્યો.** હવે ન્યાય સમિતિ તેમને સુરક્ષા સાથે મુકવા જવાનું વિચારે છે. ન્યાય સમિતિએ તમામ દસ્તાવેજો, એફ.ડી. સર્ટીફિકેટ તમામ વસ્તુઓ લઈને બોલાવ્યા છે. આ પછી પતિના નામે શું શું છે તેના આધારે વારસાઈ અને ભરણપોષણની રકમ નકકી થશે.

...........

જેનમબહેન મોવર ૨૬ વર્ષ ખિરઈ ગામ : જેનમબહેન ૬ વર્ષથી તેમના પિયર ઝખરીયા ગામમાં રહેતા હતાં. સંગઠનના પ્રમુખ સાયરાબાનુ સાથે સંગઠનમાં ન્યાય સમિતિ પાસે આ કેસ આવ્યો.

ન્યાય સમિતિએ બંને પક્ષને બોલાવ્યા. બંને પક્ષની વાત સાંભળી. આ દરમ્યાન જેનમ બહેને કહયું કે, "સંયુકત જમીન હોવાથી કામ બધું હું કરૂં છું . પણ મારી ગણતરી થતી નથી. (મારૂ માન ઘરના લોકોને નથી )" જેઠે કહયું કે, "અમે લઈ જવા તૈયાર છીએ. " સમિતિએ કહયું કે," જેનમબહેનના પતિ અને બહેનને રહેવાનું છે. તેમના પતિ હાજર નથી." બીજી મુદતમાં બંને પક્ષેથી મંડળના આગેવાન સાથે પરીવારના લોકો હાજર રહયા. આ મીટીગમાં જેનમબહેન અને તેમના પતિએ ચર્ચા કરી. જેનમબહેનની માંગણી હતી કે, તેમને અલગ જમીન અને ઘર આપે તો જ બંને સાથે રહીને કામ કરશે. આ મીટીગમાં નિર્ણય લેવાયો કે, **જમીન પર અત્યારે વાવેલું છે તેમાં ચાસની ગણતરી કરી અને જમીનમાં ૬ ભાગ કરી દઈએ. એમાં જેનમબહેનના નણંદનો પણ ભાગ છે. આ માટે પાકું લખાણ કરવામાં આવ્યું.**

..........

મરીયમબહેન ઉંમરભાઈ માણેક :ઝખરીયા ૩૫ વર્ષ

વારસાઈ ઝુંબેશ દરમ્યાન વાંઢમાં સ્વભૂમિ કેન્દ્ર પર કેસ આવ્યો. મરીયમબહેનના સાસરીયામાં ૧૦૦ વીઘા જમીન છે. તેમને ઘરના લોકો તરફથી ત્રાસ હતો. બહેનની ઈચ્છા જમીનમાં ભાગ અને અલગ ઘર ની હતી. ન્યાય સમિતિમાં બંને પક્ષને બોલાવીને ચર્ચા કરવામાં આવી. સસરાએ બહેન પર આક્ષેપ કર્યોકે, "બહેન સગર્ભા છે તે અમને ખબર નથી. અને જમીન બધી ડૂબમાં છે. મરીયમબહેનને તેઓ ઘરે લઈ જવા ઈચ્છે છે." પતિએ અલગ રહેવાની ના પાડી. **વાટાઘાટોના અંતે બહેનનું જમીનમાં નામ ઉમેરવું અથવા પ વીઘા જમીન તેમના નામે કરવી એ નિર્ણય થી મરીયમ બહેને સાસરે જવા તૈયાર થયા છે.**

## સ્વભૂમિ કેન્દ્રની મામલતદારશ્રીએ મદદ મેળવી.

સાગબારા : નવજીવન આદિવાસી મહિલા વિકાસ મંચ :

**મામલતદાર સાથે મતદારયાદીમાં સુધારણા :**

૨૦૧૪ નવેમ્બર, ડિસેમ્બરમાં મતદારયાદી સુધારણા ઝુંબેશ વખતે મામલતદાર સાથે સ્વભૂમિ કેન્દ્રના સંદર્ભથી સ્વભૂમિથી ઓળખાણ થઈ. સ્વભૂમિ કેન્દ્ર મામલતદાર કચેરીમાં શરૂ કરવા માટે મજુરી મેળવવા, કેન્દ્ર દવારા વારસાઈ ઝુંબેશ અને અભ્યાસના અનુસંધાનમાં ગામના જમીન નમુના હકક પત્રક નં ૬ માટે મળ્યા ત્યારથી તેમને સ્વભૂમિ કેન્દ્રના કામની, સંગઠનની જાણ થઈ. સરકાર દવારા વારસાઈ ઝુંબેશ દરમ્યાન સંગઠનની ભૂમિકાથી વધારે ઓળખ થઈ. આ ઝુંબેશ પછી તેમણે નાયબ મામલતદારને સ્વભૂમિ કેન્દ્ર પર મોકલ્યા તેમણે જણાવ્યું કે– મામલતદાર સાહેબે મળવા બોલાવ્યા છે. પેરાલિગલ કાર્યકર, સંગઠનના લેટરપેડ અને સીલ લઈને મળવા ગયા. મામલતદારે મતદાર યાદીની સુધારણા યાદીનો પત્ર વાંચવા આપ્યો. તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓની, સંગઠનની ભૂમિકા લખેલી હતી.

એમણે જણાવ્યું કે, "અત્યાર સુધી અમે કોઈને કામ આપ્યું નથી તમે સારૂં કામ કરો છો વારસાઈનું કામ સારૂં કર્યુ છે તો અમને વિશ્વાસ છે કે, સાચું અને સારૂં કામ કરશો. મતદાર યાદી સુધારણાનું કામ આવ્યું છે. અમે તમારી પાસે મદદ માંગીએ છીએ. અમને ખબર છે અત્યારે ભાડા અને વળતર માટે જોગવાઈ નથી પરંતુ ભવિષ્યમાં જોગવાઈ હોય તો અમે તમને કહીશું. અત્યારે તમારા સ્વભૂમિ કેન્દ્ર અંતર્ગત જે ૧૦ ગામો છે તેમાં મદદ કરો." મતદાર યાદીમાં નવા પરણેલા બહેનોના, નવા યુવાન, યુવતીઓ, નામ કમી કરવાના , નામ ફેરફાર કરવાની કામગીરી કરવાની હતી હતી. તેમણે ચૂંટણી કાર્ડ સંબંધિત ફોર્મ ભરવાના હતા તે બતાવ્યા , જૂના ફોર્મ ભરેલા હતા તે બતાવ્યા. એક ફોર્મ પ્રેકટીકલ ફોર્મ ભરાવ્યું. તેમણે કહયું કે, શિક્ષકો પોત પોતાના ગામમાં કરે જ છે. તમે ભરીને શિક્ષકોને આપી દો તેઓ પહોંચાડી દેશે. રવિવારે શિક્ષકોની સાથે બેસીને ફોર્મ ભર્યા. તાલુકામાંથી અધિકારી તપાસ માટે આવે ત્યારે પણ અમે શિક્ષકો સાથે ત્યાં હાજર રહયા.આ રીતે ૧૦ ગામમાં મદદ કરી.

**વસાવા આદિવાસી એ/સી. ને જોડવા માટે મદદ :**

મૂળથી આદિવાસી લોકોનું એક જૂથ છે જેઓ સરકારના કાયદા કાનુનને માનતા નથી. એક દાદા હતા તેમણે આ જૂથ બનાવ્યું છે, જુના પુરાણા ચોપડા છે. તેઓ સરકારને કોઈ પ્રકારનો વેરો ભરતા નથી. વર્ષમાં એકવાર માર્ચમાં તેમનું સંમેલન થાય છે. કુટુંબમાં વકિલ ભણેલા લોકો પણ છે. બસમાં જવા આવવાની ટિકીટ નહીં લેવાની તેવો તેમની પાસે આધારપત્ર છે. તેમના નીતિ નિયમો અલગ છે. સૂર્ય અને ધરતી માતાને જ માને છે. જમીને થાળીનું પાણી પી જાય, સૂર્યોદય પહેલાં ઉઠી જવાનું આ તમામ રીતિઓ મૂળ આદિવાસીઓની જ આજે પણ જોવા મળે છે.

ચૂટણી કાર્ડમાં ફોટા પડાવતા ન હતા. તેથી મામલતદારે સ્વભૂમિ કેન્દ્ર પરથી પેરાલિગલને બોલાવ્યા અને એમને સમજાવવાનું કામ સોંપ્યું. કહયું કે, "મામલતદાર અને પ્રાંતઓફિસમાંથી ઘણાં પ્રયાસો કર્યા પણ તેઓ ફોટો પડાવવા તૈયાર જ નથી." મામલતદારે તો ત્યાં સુધી છૂટ આપી હતી કે, એ લોકો કયાંય સમૂહમાં કે મીટીંગમાં બેઠા હોય તો પણ ફોટા પાડી લો પછી તેમને અલગ કરી દઈશું પણ એક વાર ફોટા પાડી લો.

પેરાલિગલ તેઓના વિસ્તાર માં ગયા. સરકારના અધિકારીઓ પણ સાથે હતા. એ સમયે લોકોએ ગાડીના કાચ પણ તોડી પાડયા હતાં. બીજી વખત ગયા, ઘરે ઘરે ગયા અને સમજાવ્યા કે , જો ચૂંટણી કાર્ડ નહી હોય તો સરકારના કોઈ જ લાભ મળે નહી. અને ઓળખ જતી રહેશે. યુવાન વહુઓએ છાના માના ફોટો પડાવ્યા. ધીમે ધીમે આ બહેનો બાળકોનું રસીકરણ કરાવતા થયા છે. (મોટા વડિલો અને સાસુથી છૂપાવીને કરે છે )

**મેઘરજ સ્વભૂમિ કેન્દ્ર દવારા લોકોને હકક અપાવવાનો એક પ્રયાસ.**

મનરેગા યોજનામાં ગામના લોકોનો આખો પગાર એક ગામના તલાટીએ આપ્યો નહી. કઈ બેંકંમા ખાતું છે તે તપાસ કરી અને ત્યા જઈને તપાસ કરી તો જાણવા મળ્યુ કે, ૫૮ રૂા. જમા થયા હતાં. ત્યાંથી સ્લીપ કઢાવી જે તારીખે પગાર પડી ગયો હતો તે તારીખ અને રકમ ની માહિતી મળી. પોસ્ટ ઓફિસે ગયા રજૂઆત કરી. મનરેગાની તાલુકા ઓફિસે રજૂઆત કરી. સ્લીપ બતાવી. પોસ્ટ માસ્તર દરબાર છે લોકો તેમના ઘરે જઈને બેઠા. તેમણે આ લોકોને ગુસ્સાથી કહયું, "તમને કોણે શીખવાડયું ? આ બધી જાગૃતિ કોણ આપે છે ? "–લોકોએ કહયું "અમે જાતે જઈને તપાસ કરી છે તમારે અમારો પગાર આપવો પડશે નહી તો, અમે આગળ ફરીયાદ કરીશું." લોકોએ વકિલ રોકયો છે તેવી રજૂઆત કરી અને મોબાઈલ પર વકિલ સાથે વાત કરતા હોય તેવું તેમની સામે નાટક કર્યુ. અંતે, પોસ્ટ માસ્તરે રાતોરાત ટ્રોલી વેચી બધાંને ૧,૭૨,૦૦૦ લોકોને પગાર ચૂકવ્યો. એક એક વ્યકિતને રૂા. ૮૦૦નું ચૂકવણું કરાવ્યું.૧૦ ધકકા ખાધા પગાર લેવા પણ મળ્યો નહતો.આ બહેન ના હોત તો પગાર ખાઈ જાત અમને કાંઈ મળત નહી.

**કોહેઝન ફાઉન્ડેશન : લોકોની જમીનો પરત અપાવવાનો પ્રયાસ**

શેરપુરા, ફૂલપુરા, કોરડા, વૌવા, વરણોસરી આ ૫ ગામોમાં ૨૦૦ થી ૩૦૦ ખેડૂતોને સરકારે ૧૯૫૮ માં જમીન ફાળવી છે. ૨૦૦૮ સુધી લોકોએ વિઘોટી ભરી છે , પ્હાણી પત્રક ભરેલા છે.

છેલ્લા કેટલાંક વર્ષોથી ખૂબ ઓછો વરસાદ થયો તેના કારણે મજુરી મળતી ન હતી. ખેતીમાં ઉત્પાદન ઓછું થાય, પશુઓને ઘાસચારાની મુશ્કેલી પડે. આ કારણોથી જમીન છોડીને સ્થળાંતર થયું. આ સમય દરમ્યાન આ કુટુંબો ખેતી કરી શકયા નહી. આથી સરકારે આ જમીન શ્રી સરકાર કરી દીધી. આજે પણ ખેડાણ હકક ખેડૂતો પાસે છે .

વારસાઈની ઝુંબેશ દરમ્યાન આ પરીવારો સ્વભૂમિ કેન્દ્ર પર ૭/૧૨ અને ખેડૂતપોથી લઈને આવ્યા. ઇ–ધરામાંથી તેમના દસ્તાવેજ કઢાવ્યા તેમાં આ જમીન શ્રી સરકાર બોલતી હતી. ંઆ પરીવારોમાંથી ૫ કેસ પ્રકરણ તૈયાર કર્યા અને જમીન પરત કરવા, દંડ ભરવાની તૈયારી સાથે પ્રાતમાં અરજી આપી છે. હજુ જવાબ આવ્યો નથી. ગાંધીનગર રાજય સ્તરે જવાનું લોકો વિચારી રહયા છે.

૨૨ કેસોમાં પાક ધિરાણ માટે સ્વભૂમિ કેન્દ્ર દવારા પ્રક્રિયા કરી છે. તલાટી ધકકા ખવડાવે, રેશકનકાર્ડમાં નામ અલગ હતા દસ્તાવેજ મુજબ ફેરફાર કરી નામ બદલાવવા સોગંદનામા કર્યા. પછી ગામમાં કોઈ ડિફોલ્ટર હોય તો તે ગામમાં ધિરાણ ના મળે તેમ કહી અરજી પાછી મોકલી. સંસ્થાએ અરજી પર સહી કરી ખાતરી આપી અંતે આ ૨૨ બહેનો વચ્ચે ૫૦ લાખનું ધિરાણ થયું છે.

## આનંદી પ્રેરીત માળિયા મહિલા શકિત સંગઠન દવારા લોકોના જમીન અધિકાર માટે થયેલા પ્રયાસો :

### ડૂબની જમીન પરત મેળવવાનો પ્રયાસ જો બહેનોના નામે જમીન થાય તો !! :

૧૯૬૭માં રાજાશાહી ગરાસની મિયાણા જમાતની જમીન છે. નાયબ કલેકટરે, મોરબી કેમ્પમાં આધાર પુરાવા રજૂ કરતા જમીન લોકોના નામે થઈ. ૭/૧૨ સર્વે નંબર હોવા છતાં આજે સરકારી કાગળોમાં આ જમીનો ડૂબમાં બોલે છે. આ વિસ્તારમાં આવી રીતે ૬૦૦ ખેડૂતો છે.

૨૦૦૫–૦૬ વર્ષમાં આ માટે સંગઠને સંસ્થાના ટેકાથી લોકોને ટેકો આપશે તેમ જણાવ્યું પણ પૂર્વશરત એ હતી કે જમીન મહિલાના નામે કરવા તૈયાર હોય તે જ મહિલાના કુટુંબને સંગઠન ટેકો આપશે. ૩૦ બહેનોના કુટુંબો જમીન બહેનોના નામે દાખલ કરવા તૈયાર થયા છે. સૌ પ્રથમ મહેસુલ મંત્રીશ્રીને મળવા જવા માટે બે બહેનો ગયા, સંપત સાહેબને મળ્યા તેમણે તાલુકા સ્તરેથી ૭/૧૨ કઢાવવાનું કહયું મામલતદારને સાથે બેઠક કરી ૭/૧૨ અને હકક પત્રક ૬ કાઢી આપ્યા. સીટી મામલતદારને ડૂબની નોંધ માટે પત્ર લખ્યો. ઘણો સમય ગયો પણ નોંધ મળી નહી. અંતે રૂબરૂ મળી આર.ટી.આઈ કરીને માહિતી મેળવવા કહયું. તે પછી અમને માહિતી મળી . હકક પત્રક ૬ માં આ જમીન શ્રી સરકારમાં છે તે જ બાબત જોવા મળે છે. બીજી કાંઈ માહિતી મળતી નથી. વિધવા અને જરૂરીઆતવાળી મહિલાઓ, મૂળ વર્ષોથી જમીન ખેડે છે તેના નામ, વારસોના નામ, ખાતેદાર કોણ છે તેવી ૫ કેસસ્ટડી તૈયાર કરીને મહેસુલ મંત્રીને મળવા ગયા તેઓએ રજૂઆત સાંભળી અને તેમના વ્યકિતગત મદદનીશ શ્રીસંપત સાહેબને મળવા જવાનું જણાવ્યું

છે.આ મુદ્દા પર સંગઠનના પ્રમુખે આગેવાની લીધી છે. સરકારને મળવા જવુ, પુરાવા એકત્રિત કરવા, સીટી તલાટીને મળીને હકક પત્રક નં ૬ કઢાવવા જેવી કામગીરીમાં રોકાયેલા પ્રમુખ આ પ્રશ્ન પર ગમે ત્યાં જવું પડે પણ ગરીબ મહિલાને તેમના હકક અપાવવાનું નકકી કર્યુ છે.

**ગોપાલક સહકારી મંડળી :** ચિખલી ગામમાં આ મંડળી છે. જેમાં ૧૩ ભરવાડ છે. જેમાંથી હાલ ૪ અમદાવાદ રહે છે. ૬ હળવદ રહે છે. ૩ ચિખલી ગામમાં રહે છે. પોતાની માલિકીની જમીન છે. ૩ હયાત છે બાકી બધા મૃત છે. જે છે તેની વારસાઈ કરાવવા માટે મરણ દાખલો કઢાવવો, આધાર પુરાવા એકત્ર કરીને અરજી કરવાની છે. સંગઠનના લેટરપેડ પર લખાણ લખવા માટે કારોબારીમાં ચર્ચા થઈ છે કે , એ લોકો રોજી રોટી કમાવવા ચિખલી ગામથી બહાર ગયા છે. જમીન તો હાલ પણ ખેડાય છે. હળવદ રહેતા પરીવારો માટે મૃત દાખલો કઢાવવા જવું પડે. ૭ વિધવા બહેનોની જમીનમાં વારસાઈ થાય નહી તો સરકાર જમીન લઈ લેશે અને ગરીબોના પશુઓ માટે ઘાસચારો છીનવાઈ જશે એ વિચારથી સંગઠન આ પ્રશ્ન ઉકેલવાનું વિચારી રહી છે.

**આવાસ અધિકાર :** માળિયા તાલુકામાં ખિરસરા ગામમાં ૩૫ મકાનોમાંથી ૨૧ની વેરા પહોંચ કઢાવી, ખિરઈ ગામમાં ૨૭ વેરા પહોંચ નીકળી, મંત્રીને જેલમાં પુરાવ્યો. ગામના લોકો પાસેથી પૈસા લેતો હતા સંગઠનના અને મંડળના બહેનોએ મામલતદારને ફરીયાદ કરી. ૪ થી ૫ બહેનોની વેરા પહોંચ નીકળી છે.

ભૂકંપમાં જેમના મકાન પડી ગયા હતા. લોકોને નવા મકાન બનાવવાના હતાં. જૂના મકાનનો કાટમાળ ખસેડવામાં સમય જાય તેમ હતું. સરપંચે કહયું સારૂં લાગે ત્યા બનાવો આમ, લોકોએ જમીન પસંદ કરી મકાનો બનાવ્યા ત્યાં નવું ગામ બન્યું. મકાન થઈ ગયા પણ કાયદેસરતા નહતી. નવલખી કુંા ગામની જમીનો લેવાના હતા તે બહેનોને ખબર પડી. મકાનના પુરાવા નહતા તેમને પોતાના મકાનો જશે તેવો ડર લાગ્યો તેથી વેરા પહોંચ માંગવાનું કામ શરૂ કર્યુ. નવા સરપંચ આવ્યા તેમને આ કામ સોંપ્યું. સરપંચે શરૂઆતમાં તો ના પાડી કે જમીનો ફાળવી તે સમયે બીજા સરપંચ હતાં પોતે કાંઈ કરશે નહી. આ નવા વિસ્તારમાં લાઈટ આવતી જ ન હતી . આ માટે જૂથમાં જોડાયેલા બહેનો સંગઠનના ટેકાથી પ્રયાસ કરી રહયા હતાં. વિજળી માટે મંજુરી મળી પણ થાંભલા નાંખવા માટે કવોટેશનની રકમ જેટલા નાણાં ભરી શકે તેવી લોકોને શકિત ન હતી. તે માટે ધારાસભ્યને મળીને તેમની ગ્રાન્ટમાંથી ચુંટણી વખતે રજૂઆત કરીને પૈસા મેળવ્યા આજે બે ગામમાં લાઈટ આવી ગઈ છે. હવે આ જ રીતે બીજા બે ગામ લેવાના છીએ. તાલુકા પ્રમુખને મળીને તલાટીને ફોન કર્યો અને વેરા પહોંચ કઢાવી. હવે ધીમે ધીમે આખા ગામની વેરા પહોંચ કઢાવવા લોકો તૈયાર થશે.

# એનેક્ષર – ૪

સ્વભૂમિ કેન્દ્રના વિસ્તાર અને સંસ્થા અને સંગઠનની યાદી

